₹ ૧૫/-

યોગસાધનાનો આધાર – સમતા

પ્રભુ અર્પણ

જૂન – ૨૦૨૦

(શ્રી અરવિન્દ અને શ્રી માતાજીની શબ્દસુધા)

Matter shall reveal the Spirit's face

Sri Aurobindo

ગીતા જે સમતા પ્રાપ્ત કરવાનો બોધ આપે છે.... એ આજ્ઞામાં જરા પણ બાંધછોડ કરવાની વૃત્તિ વગરની, નિરપેક્ષ, પરોપકારવૃત્તિનો યા તો શ્વેત વિરાગી ત્યાગવૃત્તિનો રણકો આપણને મુદ્દલે સંભળાતો નથી. એ સમતા કેવળ અંતરની સ્થિતિ છે, સમતુલાવાળી ને વિશાળ એવી અંતઃકરણની અવસ્થા છે અને આત્માની મુક્તિનો પાયો એવી સમતામાં રહેલો છે.

શ્રી અરવિન્દ

સમતા અને સહનશીલતા એક જ વસ્તુ નથી. અલબત્ત દૃઢ થયેલી સમતા માણસની સહનશીલતાનો તેમ જ તિતિક્ષાનો અમર્યાદ વિકાસ નિઃશંક કરી આપે છે ખરી.

શ્રી અરવિન્દ

(SABCL 21 : 693)

પ્રભુ અર્પણ

(આધ્યાત્મિક વિકાસ, એ જ આપણા પૃથ્વી પરના જીવનનો ખરો હેતુ છે.)

શ્રી અરવિન્દ સોસાયટી, વડોદરા.

જૂન – ૨૦૨૦ વર્ષ : ૦૬ અંક : ૬

અનુક્રમ

समत्वं योग उच्यते

યોગસાધનાનો આધાર - સમતા

સમતા એટલે....	૦૫
સમતા – યોગસાધનાનો આધાર	૧૧
સમતાનું મહત્ત્વ	૧૨
પ્રાણશક્તિની સમતા	૧૪
હૃદયની સમતા	૧૭
વિચાર કરતા મનની સમતા	૧૯
સમતાની સ્થાપના કઈ રીતે કરવી?	૨૧
સમતામાં વૃદ્ધિના ત્રણ તબક્કાઓ	૨૨
દિવ્યકર્મી (કાવ્ય)	૩૩
સમતાનું કાર્ય – છેવટનું પરિણામ	૩૫
દેહમાં સમતાની સ્થાપના	૩૯
વ્યવહારુ માર્ગદર્શન	૪૦

*

વૃત્ત વિશેષ	૪૧

આ લખાણ માર્ચ મહિનામાં મળ્યું હતું અને તે સમયે મે મહિનાના અંકમાં આ લખાણ પ્રસિદ્ધ કરવાની સૂચના આપવામાં આવી હતી. પછી એપ્રિલનું લખાણ બદલીને મહામારી વિશેનું લખાણ લેવામાં આવ્યું એટલે એપ્રિલનું લખાણ મે મહિના માટે અને મે મહિનાનું લખાણ જૂન માટે પ્રસિદ્ધ કરવાનું નક્કી થયું. **AIM** માટે જૂન મહિના માટેનું આ લખાણ બદલીને **The Mother on Animal** વિષયક લખાણો પ્રસિદ્ધ કરવાનું છેલ્લે નક્કી થયું ત્યારે સંપૂર્ણ **Lockdown** હોવાથી એ લખાણની પ્રિન્ટ લેવાનું અને એનું ગુજરાતી ભાષાંતર કરવાનું શક્ય બન્યું નહિ એટલે અમે આ અંકમાં 'સમતા' વિષયક મૂળ લખાણો જ સમાવ્યાં છે.

તંત્રી

સમતા એટલે...

સમતા એટલે સ્વસ્થ અને સ્થિર મન તથા પ્રાણ. તમારે માટે જે કંઈ બને, તમને જે કંઈ કહેવામાં આવે, તમારે માટે જે કંઈ કરવામાં આવે એનાથી વિચલિત થઈ જવું નહિ, તેમ જ તે બધાંની તમને અસર થવી જોઈએ નહિ. એ બધી વસ્તુઓનું તમારે તટસ્થતાપૂર્વક, અંગત લાગણીઓની વિકૃત અસર વગર નિરીક્ષણ કરવાનું અને એ બનાવોની પાછળ શું રહેલું છે, એ બનાવો શા માટે બન્યા, એમાંથી આપણે શું પદાર્થપાઠ શીખવાનો છે એ સમજવાનો પ્રયત્ન કરવાનો છે. પોતાની અંદર એવું શું રહેલું છે, જેને લઈને એ બધી વસ્તુઓ પોતાના પર લાદવામાં આવી છે અને એ બધી વસ્તુઓમાંથી આપણે શું આંતરિક ફાયદો ઉઠાવી આંતરિક પ્રગતિ સાધી લેવાની છે એ વિચારવું જોઈએ : ટૂંકમાં પ્રાણની ક્રિયાઓ - ગુસ્સો, શીઘ્રભાવગ્રાહિતા, ગર્વ, કામના અને એવી બધી ક્રિયાઓ ઉપર પ્રભુત્વ પ્રાપ્ત કરવું. આ બધી ક્રિયાઓ આપણા લાગણીશીલ સ્વરૂપનો કબજો લઈ લે અને આંતરિક શાન્તિમાં ખલેલ પહોંચાડે એમ ન થવા દેવું. એ બધી વસ્તુઓના ધસારા હેઠળ અને આવેગપૂર્વક વાણીનો ઉપયોગ કરવો નહિ, તેમ જ કાર્ય પણ કરવું નહિ. હંમેશાં આત્માની આંતર સમતાની સ્થિતિમાં જ બોલવું તથા કાર્ય કરવું. આ પ્રકારની સમતા પૂરેપૂરી રીતે, સંપૂર્ણતયા જાળવવી એ સહેલું નથી, પરંતુ સાધકે પોતાની આંતર અવસ્થા તેમ જ બાહ્ય ક્રિયાઓના પાયા તરીકે આ પ્રકારની સમતાનું સ્થાપન કરવા માટે વધુને વધુ પ્રયત્નો કરતા રહેવું જોઈએ.

***

સમતાનો બીજો અર્થ એ પણ થાય કે માણસો અને તેમની પ્રકૃતિ તથા એમનાં કાર્યો તેમ જ એમનાં કાર્યો પાછળની શક્તિઓ વિશે એને અનુરૂપ દષ્ટિબિંદુ રાખવું; એમ થતાં માણસો વિશેના સત્યને જોઈ શકવામાં આપણને મદદ મળે છે અને પોતાનાં નિરીક્ષણો તેમ જ નિર્ણયોમાં આડે આવતી અંગત લાગણી તથા મનોમય પૂર્વગ્રહોને દૂર કરી શકાય છે. અંગત લાગણી હંમેશાં વિકૃતિને લઈ આવે છે અને એને લઈને માણસોના કાર્યોમાં એ કાર્યોને જ જોવાને બદલે આપણે એ કાર્યોની પાછળની વસ્તુઓને જોવાનો પ્રયત્ન કરતાં હોઈએ છીએ, — જે વસ્તુઓ મોટેભાગે અસ્તિત્વ ધરાવતી હોતી જ નથી. અને આમ ગેરસમજો, ખોટા નિર્ણયો, — જેને ટાળી શકાયાં હોત, — ટાળી શકાતાં નથી. નાની વસ્તુઓ મોટું સ્વરૂપ ધારણ કરે છે. મેં એ નોંધ્યું છે કે જીવનમાં બનતા આ પ્રકારના કમનસીબ બનાવોના અડધાથી વધુ બનાવો આ જ કારણે બનતાં હોય છે. પરંતુ સામાન્ય જીવનમાં અંગત લાગણી અને શીઘ્રભાવગ્રાહિતા માનવપ્રકૃતિમાં સતત પ્રકટ થતાં રહે છે અને સ્વ-બચાવ માટે એ કદાચ જરૂરી પણ હોઈ શકે. અલબત્ત, હું તો એમ માનું જ છું કે સામાન્ય જીવનમાં પણ માનવો તથા વસ્તુઓ પ્રત્યેનું એક સમર્થ, વિશાળ તથા સમત્વભર્યું વલણ જ સ્વ-બચાવ માટેની સારી રીત છે. અને સાધક

માટે તો આ વસ્તુઓ (અંગત લાગણી અને શીઘ્રભાવગ્રાહિતા) પર પ્રભુત્વ પ્રાપ્ત કરવું અને આત્માના સ્વસ્થ સામર્થ્યમાં જીવન ધારણ કરવું એ એની પ્રગતિનું આવશ્યક અંગ છે.

***

યૌગિક સમતા એ છે આત્માની સમતા, 'એક' એવા આત્મા, – સર્વત્ર રહેલ પરમાત્મા – ના ભાવ પર મંડાયેલી સમતા. આવિર્ભાવમાં દેખીતી ભિન્નતાઓની જુદી જુદી માત્રાઓ અને વિષમતાઓ હોવા છતાં 'એકમેવ' એવા પરમાત્માનું સર્વત્ર દર્શન કરવું એ છે સમતા.

***

સમતા એ ચેતનાની એવી એક અવસ્થા છે કે જે આપણા સમગ્ર સ્વરૂપ તેમ જ સમગ્ર પ્રકૃતિમાં અનંત બ્રહ્મની શાશ્વત શાંતતા સ્થાપી આપે છે. વધુમાં સમતા એ પૂર્ણ તેમ જ નિશ્ચિંત એવા દિવ્ય કર્મો માટેની અવસ્થા છે... (CWSA 29 : 130-131, 129)

પ્રાણીમાત્રમાં વસેલા પ્રભુ

પ્રાણીમાત્રમાં પ્રભુ સમાન રીતે વસેલો છે; આપણી જાતમાં અને અન્યમાં, જ્ઞાની અને મૂર્ખમાં, મિત્ર અને શત્રુમાં, મનુષ્ય અને પશુમાં, સંત અને પાપીમાં આપણે કોઈ જ તાત્ત્વિક ભેદ કરવાનો નથી; કોઈને ધિક્કારવાનો નથી, કોઈની ઘૃણા કરવાની નથી, કોઈથી દૂર ભાગવાનું નથી, કારણ કે આપણે સર્વમાં એકમાત્ર પ્રભુને જોવાનો છે, પછી, પોતાના આનંદને ખાતર, તે ભલે છુપાએલો હોય કે છતો હોય. એ કોઈકમાં છુપાએલો જ અને પૂરેપૂરો વિરૂપ પણ થએલો હોય, કારણ કે તેમના સ્વરૂપમાં જેવા બનીને રહેવાનો અને તેમની પ્રકૃતિ દ્વારા જેવી રીતે વર્તવાનો તેનો ઈરાદો છે તેને માટે શું ઉત્તમ છે તેની તેને ખબર છે અને તેવો તેણે સંકલ્પ કરેલો છે. સર્વ કાંઈ આપણી જ જાત છે, બહુરૂપ ધરેલ એક જ જાત છે. ધિક્કાર અને અણગમો, નિંદા અને ઘૃણા, આકર્ષણ અને આસક્તિ અને પસંદગી એ બધાં વિકાસના અમુક તબક્કામાં સ્વાભાવિક, જરૂરી અને અનિવાર્ય હોય છે; વિરાટ પ્રકૃતિએ આપણે માટે જે પસંદ કર્યું છે તેને એ બધાં અનુસરે છે કે તેને રચવામાં કે સાચવવામાં મદદ કરે છે. પણ કર્મયોગીના માર્ગમાં તો તે બધાં પ્રકૃતિમાંથી ખરી પડે છે. પોતાના વિકાસ ખાતર બાલાત્માને તેની જરૂર રહે છે પણ દિવ્ય પુખ્તતામાં પહોંચતાં તે ખરી પડે છે. આપણે જે દિવ્ય પ્રકૃતિ પ્રાપ્ત કરવાની છે તેમાં કડક મક્કમતાની કે ખુદ ઉચ્છેદક કાપકૂપની પણ જરૂર પડે, પણ ધિક્કારની નહિ, એક દિવ્ય વ્યંગ હોઈ શકે પણ નિંદા નહિ, એક શાંત, વિશદ અને મક્કમ અસ્વીકાર હોય પણ ઘૃણા કે અણગમો નહિ. જેનો નાશ કરવાનો હોય તેનો પણ ધિક્કાર કરવાનો નથી, કે સનાતન પ્રભુની એક છૂપી અને ક્ષણિક પ્રવૃત્તિ તરીકે તેનો સ્વીકાર કરતાં ખચકાવવાનું નથી.

સર્વે વસ્તુઓમાં રહેલા પ્રભુ

અને પદાર્થ-માત્ર માત્ર પરમાત્માનો જ આવિષ્કાર હોવાથી આપણે કુરૂપ અને સુંદર, અપંગ અને પરિપૂર્ણ, ઉમદા અને હલકટ, આનંદદાયક અને દુઃખદાયક, શુભ અને અશુભ, એ સર્વે પ્રત્યે આત્માની સમદૃષ્ટિ રાખવાની છે. અહીં પણ ધિક્કાર, નિંદા કે ઘૃણા નહિ પણ

તેને બદલે એક એવી સમદૃષ્ટિ હશે કે જે પદાર્થમાત્રને તેના યથાર્થ સ્વરૂપમાં અને નિયત સ્થાને જોઈ શકે છે. કારણ કે આપણે એ જાણી શકીશું કે સમગ્ર વસ્તુ-સમૂહની હાલની પરિસ્થિતિમાં તેમ જ છેવટે આવવાની પરિપૂર્ણતાને ખાતર જે કાંઈ ક્રમિક દિવ્ય આવિર્ભાવ થઈ રહ્યો છે તેમાં, પોતપોતાની હાજરીથી, દિવ્યતાનું કોઈ ને કોઈ જરૂરી સત્ય કે હકીકત, શક્તિ કે શક્યતાને તે તે પદાર્થ કાં તો વ્યક્ત કરી રહ્યો છે કે છુપાવી રહ્યો છે, વિકસાવી રહ્યો છે કે વિકૃત કરી રહ્યો છે; તેઓને માટે જે કાંઈ સંજોગો નિયત થયેલા છે; તેમની પ્રકૃતિના તાત્કાલિક દરજ્જા, કાર્ય કે ઉત્ક્રાંતિના હિસાબે જે કાંઈ શક્ય છે તેની મર્યાદામાં રહીને તેઓ ઉત્તમમાં ઉત્તમ રીતે, કે તેમને માટે નક્કી થયેલી ખામીભરી રીતે તેઓ આ કામ કરી રહ્યાં છે. આપણે જે શોધવાનું છે અને મેળવવાનું છે તે છે ક્ષણિક આવિર્ભાવોની પાછળનું આ સત્ય; ત્યારે જ, આ આભાસોથી અને આવિર્ભાવોની ખામી કે વિરૂપતાઓથી છેતરાયા વિના અંચળાઓની ઓથે રહેલ સર્વદા અને સર્વથા, શુદ્ધ, સૌંદર્યસભર અને પરિપૂર્ણ પ્રભુની પૂજા કરી શકીશું. અલબત્ત સર્વ કાંઈ બદલાવું તો જોઈએ જ : કુરૂપતાને નહિ પણ દિવ્ય સૌંદર્યને સ્વીકારવાનું છે; અપૂર્ણતા નહિ બને આપણી મંઝિલ, આપણે તો છીએ પરિપૂર્ણતાના યાત્રી; પરમ શુભને બનાવવાનું છે સાર્વત્રિક ધ્યેય, અશુભને નહિ. પણ આપણે જે કાંઈ કરીએ તે એક આધ્યાત્મિક સમજ અને જ્ઞાન વડે કરવાનું છે, અને જે શોધવાનું છે તે છે એક દિવ્ય શુભ, સૌંદર્ય, પરિપૂર્ણતા, આનંદ, — તેમનાં માનવીય માપ નહિ. જો આપણે સમતા ના પામ્યા હોઈએ તો તે છે આપણા અજ્ઞાન-પિંજરની નિશાની; તો આપણે, ખરેખર તો, કાંઈ જ જાણી શકવાના નથી, અને જો જૂની અપૂર્ણતાને આપણે તોડીશું તો તે માત્ર નવી અપૂર્ણતાના સર્જન માટે, કારણ કે દિવ્યતાની દૃષ્ટિની જગ્યાએ આપણે રોપીશું આપણા માનવમનના આદર્શો અને ઇચ્છાઓ.

સમતા એ કોઈ નવું અજ્ઞાન કે અંધતા નથી; તે ન તો દૃષ્ટિને ધૂંધળી બનાવવાનું કે ભેદમાત્રને ભૂંસી નાખવાનું કહે છે, ન તો તેમ કરે છે. ભેદભાવ છે; અભિવ્યક્તિની વિવિધતા ય છે અને આ વિવિધતાને આપણે બરાબર સ્વીકારીશું; પ્રેમ અને ધિક્કાર, સ્તુતિ અને નિંદા, સદ્‌ભાવ અને વૈરભાવ, પસંદગી અને ઘૃણાનાં પડળથી પક્ષપાતી અને ભ્રામક બનેલ દૃષ્ટિ વડે દેખાતું હતું તેના કરતાં વધારે સારી રીતે જોઈ શકીશું. પણ આ વિવિધતાની પાછળ, તેમાં વસતા અખંડ અને અક્ષર-પ્રભુને આપણે હમેશાં જોઈશું; અને આપણાં માનવીય ધોરણોથી ભલે એ પરિપૂર્ણ અને સંવાદી લાગતું હોય કે અધૂરું અને બેસૂરું, કે ખુદ ખોટું અને ખરાબ, લાગતું હોય તોપણ દરેક અભિવ્યક્તિની પાછળ રહેલ સમજપૂર્વકની સાર્થકતા અને દિવ્ય અનિવાર્યતાને જોઈ અને જાણી શકીશું, અને જો કદાચ એ આપણાથી છુપાઈ રહે તોપણ તેમાં આપણે શ્રદ્ધા રાખીશું.

*

સર્વ બનાવોમાં રહેલા પ્રભુ

અને એ જ પ્રમાણે પ્રસંગ-માત્રમાં, જે દુઃખી કરનારા હોય કે સુખી, હાર હોય કે જીત,

માન કે અપમાન, સ્તુતિ કે નિંદા, સદ્‌ભાગી કે કમભાગી છતાં પણ આપણે મન અને આત્માની સમતા જાળવીશું. કારણ કે આપણે સર્વ બનાવોમાં કર્મ અને તેનાં ફળના સ્વામી પ્રભુની ઇચ્છા તેમ જ તેના વિકસતા આવિર્ભાવની ક્રમિક પ્રગતિ જોઈશું. જેમની આંતર-દૃષ્ટિ ખૂલી ગઈ છે તેમની સમક્ષ પદાર્થમાત્ર અને પ્રાણીમાત્રની માફક સર્વે પરિબળોમાં, તેમની લીલામાં અને તેમનાં પરિણામમાં પણ તે પોતાની જાત ખુલ્લી કરે છે. સર્વ કાંઈ એક દિવ્ય પ્રસંગ પ્રત્યે ગતિ કરી રહ્યું છે; દરેક અનુભૂતિ, પછી એ યાતના અને અછત હોય કે આનંદ અને તૃપ્તિ, છતાં એ હોય છે એક વિશ્વવ્યાપી હિલચાલને આગળ વધારતી એક અનિવાર્ય કડી; આપણે એનો જ સ્વીકાર અને સત્કાર કરવાનો છે. તેની સામે બંડ, બખાળા કે બૂમાબૂમ એ છે માત્ર આપણા અશુદ્ધ અને અજ્ઞાની આવેગના ઉછાળા. દરેક બાબતની માફક બંડનો પણ, લીલામાં ઉપયોગ છે, એટલું જ નહિ પણ તેના પોતાના સમય અને સ્થાને, દિવ્ય વિકાસક્રમમાં એ જરૂરી, મદદરૂપ અને નિશ્ચિત થએલ પણ હોય છે; પણ અજ્ઞાનમાંથી ઉદ્‌ભવતું બંડનું સ્થાન છે આત્માના બાલ્યકાળમાં કે તેના અપરિપક્વ તારુણ્યમાં. પુખ્ત આત્મા બખાળા કરતો નથી પણ સમજણ અને પ્રભુત્વ ઝંખે છે, બૂમાબૂમ કરતો નથી પણ સ્વીકાર કરે છે, કે સુધારા કે પરિપૂર્ણતા માટે મથે છે, આંતરિક બંડ ઉઠાવતો નથી પણ પાલન કરવા, પાર પાડવા, પલટો લેવા પ્રયત્ન કરે છે, એટલે બધી જ બાબતોનો આપણે પ્રભુના હાથથી સમભાવે સ્વીકાર કરવાનો છે. જ્યાં સુધી પ્રભુના વિજયની ઘડી ના આવે ત્યાં સુધી, જેવી રીતે જીતનો તેવી જ રીતે પરાજયનો પણ પ્રગતિના પંથ તરીકે આપણે પ્રશાંત ચિત્તે સ્વીકાર કરવાનો છે. પ્રભુની ઉપહાર-માળામાં અતિ તીવ્ર દુઃખ, દર્દ કે યાતના આવી મળે તોપણ આપણા આત્મા, મન અને શરીર નિશ્ચલ રહેશે અને અતિ ઉત્કટ આનંદ અને સુખ મળતાં પણ આવેશમાં તણાશે નહિ. આમ, જ્યાં સુધી એક ઉચ્ચતર આનંદની સંસ્થિતિ માટે પરિપક્વ ના બનીએ અને સર્વોપરિ અને વિશ્વવ્યાપી પરમ આનંદમાં પ્રવેશ પામી ના શકીએ ત્યાં સુધી સંપૂર્ણ સમતુલા સાચવી, માર્ગમાં આવતી બધી જ બાબતોને સમભાવી શાંતિથી સ્વીકારી પ્રગતિના પંથે આગળ ધપ્યે જઈશું. (યોગમાર્ગોનો સમન્વય, ગ્રંથ-પહેલો-પૃષ્ઠ-૨૫૮થી ૨૬૧)

*

સંપૂર્ણ સમતાની સ્થિતિનું સ્થાપન થઈ શકે છે, જેમાં સાધક સર્વને સમાનભાવે જોઈ શકે, (મિત્રો અને દુશ્મનો પ્રત્યે સમદૃષ્ટિ કેળવી શકે) અને માનવો જે કંઈ કરે, અથવા જે કંઈ બને એનાથી એ ક્ષુબ્ધ બને નહિ. પરંતુ અહીં પ્રશ્ન એ થાય છે કે શું આપણી પાસે આટલી જ વસ્તુની માગણી કરવામાં આવી છે? આ પ્રશ્નનો જવાબ જો 'હા' હોય તો પછી સર્વ વસ્તુઓ પ્રતિ તટસ્થ ઉપેક્ષાભાવ સેવી બેસી રહેવું એ જ વલણ સામાન્યતઃ સાધકે અપનાવવું રહ્યું. પરંતુ ગીતા જે સંપૂર્ણ અને નિરપેક્ષ સમતા માટે ભારપૂર્વક આગ્રહ સેવે છે એ એમ પણ જણાવે છે "**યુદ્ધ કર, દુશ્મનોનો વિનાશ કર, વિજય પ્રાપ્ત કર.**" હવે, જો કોઈ પણ પ્રકારના સામાન્ય કર્મની આપણને જરૂરિયાત ન ઊભી થતી હોય, પોતાની અંગત સાધનાના ક્ષેત્ર સિવાય, જૂઠાણા વિરુદ્ધ સત્ય પ્રતિ વફાદારીની જરૂર ન જણાતી હોય, સત્યનો વિજય થાય

એ માટેના સંકલ્પની આવશ્યકતા ન હોય, તો અનાસક્તિની સમતા પૂરતી છે. પરંતુ, અહીં તો આપણે એક કર્મ સિદ્ધ કરવાનું છે, એક સત્ય પ્રસ્થાપિત કરવાનું છે, જે સત્યની સામે પ્રચંડ શક્તિઓ હારબદ્ધ ગોઠવાઈ ગયેલી છે; અદૃશ્ય શક્તિઓ, જે દૃશ્યમાન વસ્તુઓ તથા વ્યક્તિઓ અને એમનાં કર્મોનો પોતાના કરણો તરીકે ઉપયોગ કરે છે. અને તમે જો સાધક હો, તમે સત્ય ઝંખતા હો, તો પછી તમારે સત્યનો પક્ષ લેવો જ રહ્યો, જે શક્તિઓ સત્ય ઉપર હુમલો કરે છે, સત્યને ગૂંગળાવી નાખવા પ્રયત્ન કરે, એ શક્તિઓની વિરુદ્ધ તમારે ઊભા રહેવું જોઈએ. અર્જુનને બેમાંથી એક પણ પક્ષે રહેવું ન હતું, હુમલો કરનાર સામે પણ વળતો ઘા કરવા એ તૈયાર ન હતો અને શ્રી કૃષ્ણ જે આ 'સમતા' માટે ખૂબ આગ્રહી હતા તેઓશ્રીએ અર્જુનના આ વલણને સખત શબ્દોમાં વખોડી નાખ્યું અને અર્જુન વિરોધી શક્તિઓ સામે યુદ્ધ કરે એ માટે આગ્રહ સેવ્યો. શ્રીકૃષ્ણે અર્જુનને જણાવ્યું : **'સમતા ધારણ કર, અને 'સત્યનું સ્પષ્ટ દર્શન કર્યા બાદ, હવે તું યુદ્ધ કર'** અને માટે જ, સત્યનો પક્ષ લેવો, તથા જૂઠાણું, જે હુમલાઓ કરે છે એને નમતું ન આપવું, સત્યને અડગ રીતે વફાદાર રહેવું, તથા હમુલાખોરનો સામનો કરવો, આ બધી વસ્તુઓ સમતાની અવસ્થા સાથે અસંગત નથી જ નથી. અહીં જે જરૂરનું છે તે એ કે સાધકે અંગત તેમ જ અહંતાયુક્ત લાગણીઓથી મુક્ત રહેવું; ધિક્કાર તેમજ પ્રાણમય દૂરેચ્છાઓનો ઇનકાર કરવો.... અને હુમલો શારીરિક પ્રકારનો હોય, કાર્ય વિરુદ્ધ કે કાર્ય કરનારની વિરુદ્ધ હોય તો એનો તત્કાલ સામનો થવો જ ઘટે.... અને હુમલો જો સૂક્ષ્મ પ્રકારનો હોય તો નિષ્ક્રિય વલણ, નિષ્ક્રિયતા ધારણ કરવી એ શું યોગ્ય લેખાશે? આ તો આધ્યાત્મિક સંગ્રામ છે : આંતરિક તેમજ બાહ્ય, તટસ્થતા જાળવીને, સમાધાનનું વલણ અપનાવીને, અથવા તો નિષ્ક્રિયતા ધારણ કરીને સાધક દુશ્મનોના લશ્કરને પસાર થઈ જવાની તક આપી દેતો હોય છે, અને એમ કરીને સત્યને તેમ જ સત્યના બાળકોને કચળી નાખવાની પણ દુશ્મનને તક મળી જતી હોય છે.

*

સમતા એ કોઈ નવું અજ્ઞાન કે અંધતા નથી; તે ન તો દૃષ્ટિને ધૂંધળી બનાવવાનું કે ભેદમાત્રને ભૂંસી નાખવાનું કહે છે, ન તો તેમ કરે છે. ભેદભાવ છે; અભિવ્યક્તિની વિવિધતા ય છે અને આ વિવિધતાને આપણે બરાબર સ્વીકારીશું; પ્રેમ અને ધિક્કાર, સ્તુતિ અને નિંદા, સદ્‌ભાવ અને વૈરભાવ, પસંદગી અને ઘૃણાનાં પડળથી પક્ષપાતી અને ભ્રામક બનેલ દૃષ્ટિ વડે દેખાતું હતું તેના કરતાં વધારે સારી રીતે આપણે જોઈ શકીશું. પણ આ વિવિધતાની પાછળ, તેમાં વસતા અખંડ અને અક્ષર પ્રભુને આપણે હમેશાં જોઈશું; અને આપણાં માનવીય ધોરણોથી ભલે એ પરિપૂર્ણ અને સંવાદી લાગતું હોય કે અધૂરું અને બેસૂરું, કે ખુદ ખોટું અને ખરાબ લાગતું હોય તોપણ દરેક અભિવ્યક્તિની પાછળ રહેલ સમજપૂર્વકની સાર્થકતા અને દિવ્ય અનિવાર્યતાને જોઈ અને જાણી શકીશું, અને જો કદાચ એ આપણાથી છુપાઈ રહે તોપણ તેમાં આપણે શ્રદ્ધા રાખીશું.

(યોગમાર્ગોનો સમન્વય - ગ્રંથ-૧ પૃ. ૨૬૦)

સમતા-યોગસાધનાનો આધાર

સમતા કેળવ્યા વગર સાધનામાં દૃઢ સ્થિરતા સ્થાપી શકાય નહિ. સંજોગો ગમે તેટલા અરુચિકર હોય, બીજાઓનું વર્તન આપણને ગમે એવું ન હોય; આ બધી વસ્તુઓને તમારે સંપૂર્ણ સ્વસ્થતાપૂર્વક તથા ક્ષુબ્ધ કરી દેતી પ્રતિક્રિયાઓ વગર સ્વીકારતાં શીખવાનું છે. આ વસ્તુઓ સમતાની કસોટીરૂપ છે. જ્યારે વસ્તુઓ ધાર્યા પ્રમાણે થતી હોય, લોકો અને સંજોગો રુચિકર હોય ત્યાં સુધી સ્વસ્થ રહેવું અને સમતા જાળવી રાખવી એ સહેલું છે. પરંતુ આ બધી વસ્તુઓ જ્યારે પ્રતિકૂળ હોય (વિરુદ્ધની હોય) ત્યારે જ, સ્વસ્થતા, શાન્તિ, સમતા કેટલી સંપૂર્ણ છે, એની કસોટી થતી હોય છે, અને એ રીતે એ બધી અવસ્થાઓનું પુનઃ સ્થાપન પણ થતું હોય છે, એમાં પૂર્ણતા પણ આવતી હોય છે.

*

સમતા છે સાચી આધ્યાત્મિક ચેતનાનો મુખ્ય આધાર અને સાધક જ્યારે પ્રાણમય ક્રિયાને પોતાની લાગણીમાં, વાણીમાં કે કર્મમાં સ્થાન આપે છે ત્યારે પોતે સમતાની આ અવસ્થામાંથી વિચલિત થઈ જતો હોય છે.

*

જ્યારે ઉર્ધ્વ ચેતનાની શાન્તિનું અવતરણ થાય છે ત્યારે એ એની સાથે આ સમતા પરત્વેના વલણને લઈને આવે છે — સમતા. કારણ સમતા વગરની શાન્તિ નિમ્ન પ્રકૃતિનાં આંદોલનોના હુમલાઓ હંમેશાં અનુભવતી રહે છે. (CWSA 29 : 720)

*

આપણે જ્યારે આત્મા, બુદ્ધિ અને હૃદયમાં એક પૂર્ણ સમતા પ્રાપ્ત કરીએ છીએ ત્યારે આપણને આપણી સાચી જાતની સાથે એકતા સિદ્ધ થાય છે; એ એકતા છે ભૂતમાત્રની સાથે એકતા, તે સર્વેમાં જે વ્યક્ત થાય છે એ પરમ તત્ત્વ સાથે એકતા, અને આપણે જે કાંઈ જોઈએ છીએ, અનુભવીએ છીએ તેની સાથે પણ એકતા. સમતા અને એકતાની આ બેલડી એ તો છે દિવ્ય વ્યક્તિત્વ, દિવ્ય ચેતના અને દિવ્ય કર્મ માટેનો અનિવાર્ય પાયો. જ્યાં સુધી આપણે બધાં સાથે એકરૂપ નથી થયા ત્યાં સુધી આધ્યાત્મિક રીતે આપણે પ્રભુમય નથી થયા. જ્યાં સુધી બધા પદાર્થો, પ્રસંગો અને પ્રાણીઓ સાથે આપણે સમાત્મા નથી થયા ત્યાં સુધી આપણે બધું આત્માની નજરે જોઈ નહિ શકીએ, દિવ્ય રીતે જાણી નહિ શકીએ, દિવ્ય રીતે અનુભવી નહિ શકીએ. (યોગમાર્ગોનો સમન્વય - ગ્રંથ - ૧ પૃ. ૧૧૦)

*

સમતાનું મહત્ત્વ

આધ્યાત્મિક પરિપૂર્ણતા માટેની સૌથી પહેલી જરૂરિયાત છે : એક અણીશુદ્ધ અને સર્વાંગી એટલે કે પરિપૂર્ણ સમતા. યોગમાં પરિપૂર્ણતાનો પોતાનો અર્થ થાય છે : નિમ્ન, અ-દિવ્ય પ્રકૃતિમાંથી ઊર્ધ્વ દિવ્ય પ્રકૃતિમાં વિકાસ.

*

આપણા આત્મા અને પ્રકૃતિની સંપૂર્ણ સમતા એ એક એવું સાધન છે કે જેના વડે આપણે આ ડામાડોળ અને અજ્ઞાનભરી બાહ્ય ચેતનામાંથી આ આંતરિક સ્વર્ગમાં પાછા હઠી જઈ શકીએ છીએ અને આત્માના મહત્તા, આનંદ અને શાંતિભર્યા સનાતન સમૃદ્ધ સામ્રાજ્યને પ્રાપ્ત કરી શકીએ છીએ. દિવ્ય પ્રકૃતિમાં આ આત્મ—આરોહણ એ જ છે યોગના, આત્મ—પરિપૂર્ણતા માટેના લક્ષ્યને ખાતર આપણી સમક્ષ મુકાએલ સમતાની સાધનાનું સંપૂર્ણ ફળ અને પાકી તક.

આપણી જાતનો હાલનો સમગ્ર પિંડ કે જે ડામાડોળ, મનોમય પદાર્થનો બનેલો છે તેમાંથી તેને આત્મ-પદાર્થનો બનાવી દેવા માટે આત્માની સંપૂર્ણ સમતા અને શાંતિ અનિવાર્ય છે. વળી જો આપણી હાલની ગૂંચવાએલી અને અજ્ઞાનમય ક્રિયાઓની જગ્યાએ, પ્રકૃતિનું નિયંત્રણ કરતા તથા વિશ્વમય પુરુષ સાથે એકરાગ, એવા મુક્ત આત્માનાં સ્વ—નિયંત્રિત અને પ્રકાશપૂર્ણ કર્મો કરવાની અભીપ્સા રાખતાં હોઈએ તોપણ તે એટલાં જ અનિવાર્ય છે. જો આપણામાં આત્માની સમતા ના હોય તથા આપણી પ્રકૃતિની સંચાલક શક્તિમાં પણ સમતા ના હોય તો દિવ્ય કર્મો તો શું પણ માનવકર્મો પણ પૂર્ણ યથાર્થ રીતે કરવાનું સંભવિત નથી. ભગવાન તો સર્વે પ્રત્યે સમત્વ રાખનારો છે, પોતાના વિશ્વનો અપક્ષપાતી પાલક છે, સમદૃષ્ટિ છે, પોતાના અસ્તિત્વના ઊંડાણમાંથી ઊભા કરેલા ઉત્ક્રાંતિમય વિશ્વના ધર્મનો અનુમંતા છે, નિભાવવાનું સર્વે નિભાવનારો છે, દબાવવાનું સર્વે દબાવનારો છે, ઊંચે ઉઠાવવાનું સર્વે ઉઠાવનારો છે, સર્વે કારણો અને પરિણામો વિશે સંપૂર્ણ અને સમતાભરી સમજ દાખવતો તથા સર્વે ઘટનાઓના આધ્યાત્મિક અને વ્યવહારુ અર્થ વડે તેમને આગળ વધારતો સર્જક, પોષક અને રક્ષક છે — અને સંહારક પણ છે. ભગવાન કોઈ કામનામય, અશાંત આવેગને વશ થઈ સર્જન કરતો નથી કે કોઈ પક્ષપાતી પસંદગીવાળી આસક્તિને વશ થઈ પોષણ અને રક્ષણ કરતો નથી કે કોઈ ક્રોધ, ઘૃણા કે તિરસ્કારના જુવાળને વશ થઈ સંહાર કરતો નથી. ભગવાન મહાન કે તુચ્છ, ન્યાયી કે અન્યાયી, જ્ઞાની કે અજ્ઞાની સર્વેની સાથે તેમનો એવો અંતરઆત્મા બનીને વર્તે છે કે જે તેમની જાત સાથે ખૂબ ઘનિષ્ઠ અને એકરૂપ હોવાથી તેમની પ્રકૃતિ તથા જરૂરિયાત અનુસાર તે સર્વેને સંપૂર્ણ સમજદારીથી, સામર્થ્યથી અને સપ્રમાણતાથી આગળને આગળ દોરે છે. આ બધું કરીને સર્વસ્વને તે પોતાનાં યુગચક્રોના લક્ષ્ય અનુસાર આગળ વધારે છે; તથા આત્માને, તેની દેખીતી પ્રગતિ કે અધોગતિનો આશરો લઈને, ઉત્ક્રાંતિના માર્ગે ઉચ્ચ અને તેનાથી પણ ઉચ્ચ વિકાસ પ્રત્યે ઊર્ધ્વમાં આકર્ષ્યે જ જાય છે; અને એ જ છે વિશ્વને અંદરથી વાગતા કોઈક અજાણ ધક્કાનો અર્થ. પોતાની પરિપૂર્ણતાને આગળ વધારી રહેલો જે કોઈ સાધક પોતાની

સંકલ્પશક્તિને ઈશ્વરેચ્છા સાથે એક કરવા માગતો હોય અને પોતાની પ્રકૃતિને દિવ્ય લક્ષ્યનું એક કરણ બનાવવા ઇચ્છતો હોય તેણે પોતાની અહંતાભરી, આંશિક દૃષ્ટિમાંથી તેમ જ માનવના અજ્ઞાનભર્યા હેતુઓમાંથી બહાર નીકળી વિશાળતા ધારણ કરવી જ પડશે અને આ પરમ સમતાની જીવંત મૂર્તિ બનવું જ પડશે.

*

પૂર્ણયોગ માટે જરૂરિયાત

કર્મો કરવામાં સમતાપૂર્ણ અવસ્થા જરૂરી છે, — પૂર્ણયોગના સાધક માટે તો ખાસ. પ્રથમ તો, દિવ્ય કર્મોના ધર્મ ઉપર પોતાના નાના નાના સંકલ્પોને અને અંગત અભીપ્સાની ઉગ્ર માગણીઓને ઠસાવવાનો યત્ન કર્યા વિના તેને સમતાપૂર્ણ સંમતિ આપતાં શીખવું પડશે. પ્રભુના પરિપૂર્ણ કરણ બનીને જે લોકો કર્મો કરવા ઇચ્છતા હોય તે લોકોને સૌથી પહેલી જે વસ્તુ પ્રાપ્ત કરવાનો આગ્રહ કરવામાં આવે છે તે આ છે : એક એવી ડહાપણભરી બિન-અંગતતા, પ્રશાંત સમતા, વિશ્વવ્યાપકતા કે જે પદાર્થમાત્રને ભગવાનના, એકમેવ બ્રહ્મના આવિર્ભાવ તરીકે જુએ છે; જે બનતા બનાવોથી ન તો ક્રોધ, અશાંતિ કે અધીરપમાં ઢસડાય છે કે ન તો ઉશ્કેરાટ, અતિ ઉત્સાહ કે દોડધામમાં ખેંચાય છે, પણ બરાબર સમજે છે કે કર્મોના ધર્મને પાળવાનો જ છે અને કાલની ગતિને અનુસરવાનું જ છે; જે, પદાર્થો અને જીવોને સહાનુભૂતિથી, હકીકતરૂપે સમજે છે અને સ્વીકારે છે, અને તેમ છતાં તેમના હાલના આભાસોની પાછળના તેમના આંતરિક અર્થને પકડે છે તથા તેમની દિવ્ય શક્યતાઓના ભાવી વિકાસને જોઈ શકે છે. પણ આવી બિનઅંગત, પ્રશાંત અવસ્થા એ તો માત્ર પાયારૂપ છે. મનુષ્ય એ તો ઉત્ક્રાંતિનું એક એવું સાધન છે કે જે શરૂઆતમાં અથડામણરૂપી અંચળો ઓઢે છે તેમ છતાં ધીમે ધીમે પોતાના સાચા અને ઊંડા અર્થરૂપ કાયમી અને સમજુ સમાધાનવૃત્તિ પણ ધારણ કરે છે, અને અંતે તો તેણે આ અથડામણ અને સમાધાનવૃત્તિની નીચે રહેલી એક વિશ્વવ્યાપી સંવાદિતારૂપી અગાધસત્ય અને સાર્થકતાનો વધુને વધુ સ્વીકાર કરવાનો જ છે. પરિપૂર્ણતા પામેલા આત્માએ હમેશાં આ ઉત્ક્રાંતિ-પ્રવાસને ઝડપી બનાવવા માટેનું કરણ બની રહેવાનું છે. એ માટે દિવ્ય તપઃશક્તિને પોતાનામાં સમ્રાટ-શી સક્રિય રાખનારા દિવ્ય સામર્થ્યને પોતાની પ્રકૃતિમાં વધારે કે ઓછું ધારણ કરવાનું જ છે. પણ એ સામર્થ્ય સિદ્ધ અને કાયમી થાય, ખરેખરાં દિવ્ય કર્મોને મક્કમ રીતે પાર પાડતું થાય એટલા માટે તેણે આધ્યાત્મિક સમતાના, સર્વે જીવો સાથેનાં, અચલ, બિન-અંગત અને સમતાપૂર્ણ અદ્વૈતના સર્વે શક્તિઓની પૂરી સમજણના પાયા પરથી કાર્ય કરવાનું છે. ભગવાન વિશ્વનાં કરોડો કાર્યોમાં પ્રબળ સામર્થ્યથી કાર્ય કરે છે, પણ તેનો આધાર હોય છે : એક, કદી ય ચલિત ના થઈ શકે તેવું અદ્વૈત, મુક્તિ અને શાંતિનો પ્રકાશ અને શક્તિ. પરિપૂર્ણ આત્માના, દિવ્ય કર્મો પણ આ જ રીતનાં હોવાનાં અને સમતા એ જ એવી અવસ્થા છે કે જે કર્મો પાછળની ભાવનાનું આવું પરિવર્તન શક્ય બનાવે છે.

પણ, માત્ર માનવીય પરિપૂર્ણતા મેળવવી હોય તોપણ સમતાને એક મુખ્ય તત્ત્વ તરીકે અને ખુદ જરૂરી વાતાવરણ તરીકે સ્વીકાર્યા વિના છૂટકો નથી.

(યોગમાર્ગોનો સમન્વય, ગ્રંથ : ૨ પૃ. ૧૮૫થી ૧૮૯)

પ્રાણ-શક્તિની સમતા

પણ, આત્મ — પરિપૂર્ણતાના યોગમાં માત્ર આત્માની જ પૂર્ણ સમતા નહિ પણ પ્રકૃતિમાં સ્થપાએલી સમતા એ પણ એક શરત છે જ. અને આ દિશામાં પહેલું અને સ્પષ્ટ પગલું એટલે આપણી ઊર્મિમય અને પ્રાણમય જાત પરનો વિજય; કારણકે એ જ છે મોટામાં મોટી મુશ્કેલીનાં મૂળ, વિશમતા અને વિવશતાને ઊભી કરી આપણાં જબરામાં જબરાં તત્ત્વો, આપણને અપૂર્ણતા સાથે જકડી રાખતા હઠીલામાં હઠીલા જુલ્મગારો, આપણી પ્રકૃતિનાં આ અંગોની સમતા, શુદ્ધિ અને મુક્તિ દ્વારા પ્રાપ્ત થાય છે. એમ પણ કહી શકાય કે મુક્તિની સાચી નિશાની એટલે જ સમતા. પ્રાણની કામનાઓના ધક્કામાંથી અને વાસનાઓની આત્મા ઉપરની ઝંઝા જેવી પકડમાંથી મુક્તિ એટલે અચલ અને સમતાપૂર્ણ હૃદયની અને વિશ્વવ્યાપી આત્માની વિશાળતાથી અને સમદૃષ્ટિથી સંચાલિત પ્રાણની પ્રતિષ્ઠા. કામના એટલે પ્રાણની અશુદ્ધિ, તેને બાંધી રાખતી બેડી. મુક્ત પ્રાણ એટલે એવો સંતોષી અને સુખી પ્રાણમય પુરુષ કે જે બાહ્ય પદાર્થોના સંપર્કોને સ્વીકારે અને સમતાપૂર્વક તેમનો જવાબ આપે. તે જ્યારે ગમા અને અણગમાના ગુલામીભર્યા દ્વંદ્વમાંથી મુક્ત અને ઉચ્ચ બને, સુખ અને દુઃખના હડસેલા પ્રત્યે બે-પરવા બને, પ્રિય વસ્તુથી ઉત્સાહિત અને અપ્રિય વસ્તુથી ઉશ્કેરાએલ કે વિવશ ના બને, મનગમતા અનુભવોને આસક્તિથી વળગી ના પડે અને અણગમતા અનુભવોને ઉગ્રતાથી ફગાવી ના દે ત્યારે અનુભવોની કિંમત આંકવાની કોઈ મહાન પદ્ધતિ તેની સામે ખૂલી જાય છે. ત્યારે દુનિયામાંથી જે કાંઈ ડરામણું, કે પછી સહાયરૂપ, તેની સામે ખડું થાય તે સર્વેને તે ઊર્ધ્વ તત્ત્વો સમક્ષ, આત્માના પ્રકાશનો અને પ્રશાંત પ્રસન્નતાનો સ્પર્શ પામેલ કે તેમના વડે રૂપાંતર પામેલ બુદ્ધિ અને હૃદય સમક્ષ રજૂ કરશે. આ પ્રમાણે પ્રશાંત બનેલ તથા આપણી અંદર ઊંડે મક્કમ આસન જમાવી બેઠેલા અંતર—આત્મા પર પોતાનું આધિપત્ય અજમાવવાનું છોડી આત્માને આધીન બનેલ પ્રાણમય પુરુષ પોતે પણ આધ્યાત્મિકતા ધારણ કરશે અને પદાર્થો સાથે દિવ્ય વર્તન કરતા આત્માનું સ્વચ્છ અને ઉમદા કરણ બની રહેશે. પ્રાણના આવેગોને કે તેની આગવી ઉપયોગિતાઓ કે કાર્યોનો સંન્યાસ—વૃત્તિથી નાશ કરવાની આ વાત નથી; જે કરવાનું છે તે તેમનો નાશ નહિ, તેમનું રૂપાંતર. પ્રાણને સોંપાએલું કાર્ય છે ઉપભોગ, પણ અસ્તિત્વનો સાચો ઉપભોગ, એટલે કે આંતરિક, આધ્યાત્મિક આનંદ. ભૌતિક મનના દોર નીચે અધોગામી બનેલા આપણા પ્રાણ, હૃદય કે મનની મોજ—મજાના જેવા તે અધૂરા અને અશાંત ઉપભોગ નહિ હોય; એ તો હશે વિશ્વ જેટલા વિશાળ અને અગાધ; એ હશે, આત્માની અને સર્વે અસ્તિત્વની પ્રશાંત મુદામાં સમાઈ રહેલા આધ્યાત્મિક આનંદની પ્રચૂર ઘનતા. અને કબજો મેળવવો એ પણ તેનું કાર્ય છે; કબજા વડે જ આત્મા પદાર્થોનો ઉપભોગ કરે છે. પણ આ કબજો સાચો કબજો છે, એક વિશાળ અને આંતરિક વસ્તુ છે; બાહ્ય

પકડ પર આધાર રાખતી એવી કોઈ વસ્તુ નથી કે જેમાં આપણે પકડાએલી વસ્તુથી પકડાવું પડતું હોય. સર્વે બાહ્ય કબજા અને ઉપભોગ એ તો આધ્યાત્મિક આનંદ માટે તેના પોતાનાં જ વિશ્વ–અસ્તિત્વનાં સ્વરૂપો અને ઘટનાઓ સાથેની સંતોષપૂર્ણ અને સમતાભરી લીલાને માટેની માત્ર એક તક જ બની રહેશે. અહંતા-ભર્યો કબજો એટલે કે પ્રભુ પર, પદાર્થો પર અને દુનિયા પર પોતાનો હક્ક કરી અહમ્ જે પરિગ્રહ કરવા માગે છે તેનો તો ત્યાગ જ કરવાનો છે, કે જેથી કરીને આ મહાન વસ્તુ, આ વિશાળ, વિશ્વવ્યાપી અને પરિપૂર્ણ જીવન પ્રાપ્ત થઈ શકે; ત્યક્તેન ભુંજિથા: । કામના અને કબજાનો અહંતા-ભર્યો ભાવ ત્યજી દેવાથી જ આત્મા પોતાનો અને વિશ્વનો દિવ્ય ઉપભોગ કરે છે. (યોગમાર્ગોનો સમન્વય, ગ્રંથ : ૨ પૃ. ૧૯૦થી ૧૯૧)

*

સમતા એટલે માત્ર નિશ્ચલતા કે ઉપેક્ષા ભાવ તેમ જ અનુભવ કરાવનાર પ્રસંગોમાંથી નિવૃત્તિ લઈ લેવી એવું નથી. સમતા એ છે મન તથા પ્રાણની પ્રતિક્રિયાથી શ્રેષ્ઠ પ્રકારની અવસ્થા. જીવનના પડકારના સ્વીકારની એ છે આધ્યાત્મિક રીત, એ જીવનનો અંગીકાર કરીને જીવન પોતે અંતરાત્મા, આત્મતત્ત્વના કાર્યનું પૂર્ણ સ્વરૂપ બની રહે એ માટે એને ફરજ પાડે છે. સમતા એ છે અસ્તિત્વ ઉપર આત્માના પ્રભુત્વનું પ્રાથમિક રહસ્ય. આપણામાં જ્યારે સમતા સંપૂર્ણપણે પ્રસ્થાપિત થઈ જાય ત્યારે દિવ્ય આધ્યાત્મિક પ્રકૃતિના પ્રદેશમાં આપણો પ્રવેશ થઈ જાય છે. (CWSA 24 : 720)

સમતા એટલે જે કંઈ બને એનો નિષ્ક્રિયતાપૂર્વક સ્વીકાર કરી લેવો એવું નથી. દા.ત. સાધનામાં અમુક પ્રયત્નોને કામચલાઉ નિષ્ફળતા સાંપડે તો સાધકે સમતા જાળવવી અને નિરાશ થયા વગર, એ નિષ્ફળતાથી ક્ષુબ્ધ થયા વગર પ્રયત્નો જારી રાખવા જોઈએ. અને એ નિષ્ફળતા તે ઈશ્વરના સંકલ્પનું સૂચક છે એમ માની લઈ પ્રયત્નો કરવાનું છોડી દેવું જોઈએ નહિ. ખરી રીતે તો સાધકે નિષ્ફળતાનાં કારણો શોધી નાખી શ્રદ્ધાપૂર્વક વિજય તરફ આગેકૂચ કરવી જોઈએ. આ જ પ્રમાણે માંદગીની બાબતમાં પણ - તમારે ક્ષુબ્ધ બની જઈ હારી જવાનું નથી અને માંદગીનો ઈશ્વરેચ્છા તરીકે સ્વીકાર પણ કરવાનો નથી. એ માંદગીને તમારે શરીરની અપૂર્ણતા તરીકે ગણવાની છે અને જે રીતે તમે પ્રાણમય કે મનોમય ક્ષતિઓને દૂર કરવા પ્રયત્ન કરો છો એ જ રીતે માંદગીને પણ દૂર કરી દેવા પ્રયત્નો કરવા જ જોઈએ. (CWSA 29 : 134)

હૃદયની સમતા

એ જ પ્રમાણે મુક્ત હૃદય એટલે અનુરાગ અને આવેગની ઝંઝાઓ અને તોફાનોમાંથી છુટકારો પામેલું હૃદય. સમતાપૂર્ણ હૃદયમાંથી દુઃખ, ક્રોધ, ધિક્કાર અને ભયના હલ્લાઓ, પ્રેમનો પક્ષપાત, આનંદની અશાંતિ અને શોકનાં દર્દ ખરી પડે છે અને તેને વિશાળ અને શાંત, સમતાપૂર્ણ અને પ્રકાશપૂર્ણ અને દિવ્ય અવસ્થામાં લાવી મૂકે છે. આ ખરી પડનારી વસ્તુઓ કાંઈ આપણી અસલ પ્રકૃતિ સાથે જડાઈ ગયેલી બાબતો નથી; એ તો આપણી બાહ્ય અને સક્રિય મનોમય અને પ્રાણમય પ્રકૃતિની તથા તેના બાહ્ય જગત સાથેના વ્યવહારની હાલની બનાવટનાં સર્જનો છે. આપણને અલગ વ્યક્તિ તરીકે વર્તવાનું કહી આપણી પાસે આપણા સ્વતંત્ર હક્ક અને અનુભવના જોરે દુનિયાની કિંમત આંકતાં શીખવનાર અહં-ભાવ એ જ આપણી રખડપાટ માટે જવાબદાર છે. આપણે જ્યારે આપણી અંદર વસતા ભગવાન સાથે અને વિશ્વમાં વ્યાપેલા આત્મતત્ત્વ સાથે એકરૂપ બનીને જીવવા માંડીએ ત્યારે આ અપૂર્ણતાઓ આપણામાંથી ખરી પડે છે અને આંતરિક આધ્યાત્મિક અસ્તિત્વની શાંત અને સમતાભરી શક્તિ અને આનંદમાં અલોપ થઈ જાય છે. આ આધ્યાત્મિક અસ્તિત્વ હંમેશાં આપણી અંદર મોજૂદ હોય છે જ; અને બાહ્ય જગતના સંપર્કો આપણા પ્રચ્છન્ન અંતરઆત્મા દ્વારા તેને પહોંચે તે પહેલાં તે તેમનું રૂપાંતર કરી નાખે છે; આ અંતર—આત્મા એ તેના અસ્તિત્વના આનંદ માટેનું ગુપ્ત કરણ છે. હૃદયની સમતા વડે આપણે સપાટી પરના અશાંત કામનામય પુરુષમાંથી પાછા હઠી જઈએ છીએ, આ ગહન અસ્તિત્વનાં દ્વાર ખોલી નાખીએ છીએ, તેના પ્રત્યુત્તરો પામીએ છીએ અને આપણા ઊર્મિમય પુરુષને વળગનાર સર્વે બાબતો પર સાચી દિવ્ય દૃષ્ટિ લાગુ પાડીએ છીએ. આવી પરિપૂર્ણતાનું પરિણામ એટલે મુક્ત, સુખી, સમતાભર્યું અને સર્વ કોઈને સમાવતું આધ્યાત્મિક લાગણીઓથી ભરેલું હૃદય.

અને આ પરિપૂર્ણતામાં પણ કોઈક કડક, ત્યાગવાદી કઠોરતા કે આધ્યાત્મિક અતડી ઉદાસીનતા કે આત્મદમન માટેની કષ્ટભરી કઠિન તપસ્યાનો સવાલ ઊભો નથી થતો. આ, ભાવપ્રધાન પ્રકૃતિના ઉચ્છેદની નહિ પણ રૂપાંતરની વાત છે. અહીં આપણી આ બહિર્મુખ પ્રકૃતિમાં જે કાંઈ વિકૃત કે અપૂર્ણ સ્વરૂપે રહેલું છે તેનો પણ કાંઈક એવો અર્થ અને ઉપયોગ છે કે જે, આપણે દિવ્ય અસ્તિત્વના વિશાળ સત્યમાં પાછા પ્રવેશ કરીએ ત્યારે ફરી પ્રાપ્ત થાય છે. પ્રેમનો નાશ નહિ થાય પણ તે પૂર્ણ બનશે, તેની પાત્રતા પૂર્ણ વિશાળતા ધારણ કરશે, તે આધ્યાત્મિક આનંદાવેશ પર આધારિત થશે, તે પ્રભુપ્રેમ અને માનવપ્રેમ બનશે તે પદાર્થમાત્ર પરનો પોતાની જ જાત તરીકેનો અને પ્રભુનાં સ્વરૂપો અને શક્તિ તરીકેનો પ્રેમ બની જશે; આપણે અત્યારે જેને આટલો બધો કિંમતી ગણીએ છીએ તે નાના નાના હર્ષ અને શોકથી



દર્શન

ભરેલા, ગુસ્સો, ઈર્ષા અને સંતોષ તથા મિલન માટેના ઉછાળા અને થાક, અલગતા અને વિયોગના તરંગો એ સર્વે તડકા—છાંયાના હઠીલા દુરાગ્રહથી હેરાન થતા, હક્ક—દાવા રજૂ કરતા, અહંતાભર્યા, સ્વાર્થ—છાયા પ્રેમની જગ્યાએ એક વિશાળ, અનેકવિધ વિવિધતાઓથી ભરેલો વિશ્વવ્યાપી પ્રેમ આવી મળશે. દુઃખને દેશવટો મળશે અને તેનું સ્થાન લેશે એક વિશ્વ—શો વિશાળ, સમતાપૂર્ણ પ્રેમ અને સહાનુભૂતિ,—સહનતાભરી સહાનુભૂતિ નહિ પણ એક એવું સામર્થ્ય કે જે પોતે મુક્ત હશે અને બીજાઓને આધાર આપવા જેટલો, સહાય કરવા જેટલો, મુક્ત કરવા જેટલો સમર્થ હશે. મુક્તાત્મા માટે ધિક્કાર કે ક્રોધ જેવી વસ્તુઓ તો અશક્ય જ બની જશે; પણ પ્રભુની એવી પ્રબળ રુદ્ર—શક્તિ તેને માટે અશક્ય નહિ હોય કે જે ધિક્કાર વિના લડી શકે છે અને ક્રોધ વિના વિનાશ કરી શકે છે, કારણકે તે જેનો વિનાશ કરે છે તે સર્વે પોતાનાં જ અંગો છે, પોતાનાં જ પ્રાગટ્યો છે તે તે સતત જાણતો હોય છે, અને તેથી પોતાનાં આ પ્રાગટ્યો જેમાં સાકાર બનેલાં છે તેમને માટેની તેની સહાનુભૂતિ અને સમજ એવી જ સાબૂત રહેતી હોય છે. આપણી સમગ્ર ભાવ-પ્રધાન પ્રકૃતિનું આવું ઊર્ધ્વ, મુક્તિદાયક રૂપાંતર થઈ જશે. પણ તેમ થાય એટલા માટેની, પરિણામ-સાધક શરત છે : સંપૂર્ણ સમતા.

(યોગમાર્ગોનો સમન્વય, ગ્રંથ : ૨ પૃ. ૧૯૦થી ૧૯૩)

*

ઇન્દ્રિયોની સાચી પ્રવૃત્તિ છે કે વસ્તુઓના સાચા કે દિવ્ય દેખાવને નોંધવો અને વસ્તુઓને સમ આનંદ (અણગમા કે કામના રહિત આનંદ) પાછો આપવો.

(CWSA 28 : 207)

વિચાર કરતા મનની સમતા

વિચારપ્રધાન મનની, એટલે કે બુદ્ધિની તેમ જ સંકલ્પશક્તિની સમતા એ પણ પ્રકૃતિનાં કરણોની પરિપૂર્ણતાનું એક અંગ,—અને ખૂબ અગત્યનું અંગ—બની રહેશે. આપણી મનોમયતાના પાયારૂપ આપણી બૌદ્ધિક પસંદગીઓ, નિર્ણયો, અભિપ્રાયો, કલ્પનાઓ, સ્મરણ-શક્તિની વાડ બાંધતી સંકલનાઓ એ સર્વે સાથેની, તેમ જ આપણાં ઘરેડિયાં મનનાં ચાલુ આવર્તનો સાથેની, વ્યવહાર-લક્ષી મન સાથેની અને ખુદ આપણા બૌદ્ધિક સત્ય-લક્ષી મનની મર્યાદાઓ સાથેની ય આપણી મોહક અને વાજબી લાગતી આસક્તિએ પણ અન્ય આસક્તિઓને માર્ગે જ વિદાય લેવાની છે અને એક સમદૃષ્ટિ-પૂર્ણ તટસ્થતાને સ્થાન આપવાનું છે. સમતાપૂર્ણ બુદ્ધિ આપણી મર્યાદિત પ્રકૃતિએ તેમ જ આપણી બુદ્ધિના પક્ષપાતોએ તથા તેના નાના સરખા તર્કભંડોળ અને સ્ફુરણા—સંચયે ઊભા કરેલા દ્વંદ્વ-રૂપી જ્ઞાન અને અજ્ઞાનને તથા સત્ય અને ભૂલને અવલોકશે અને તેમાંના કોઈ પણ એક દોરથી બંધાયા વિના બંનેનો સ્વીકાર કરશે અને પ્રકાશ પામી બંનેથી પર થવાની રાહ જોશે. અજ્ઞાનમાં તે એક કેદ પકડાએલું અને મુક્તિ વાંછતું જ્ઞાન જોશે, અને અસત્યમાં એક એવું, કામે લાગેલું સત્ય જોશે કે જે ભૂલું પડેલું છે અથવા જેને ફાંફાં મારતાં મને અવળા આકાર આપી દીધેલા છે. તો વળી બીજી બાજુએ તે તેનાં જ્ઞાનથી પોતાને બાંધી કે મર્યાદિત બનાવી નહિ રાખે કે નવા પ્રકાશ-પ્રદેશોમાં પ્રવેશવાના મનાઈ-હુકમ તરીકે તેને નહિ સ્વીકારે; અથવા સત્યનો સંપૂર્ણ ઉપભોગ કરવા છતાં તેને મડાગાંઠથી પકડી નહિ રાખે, કે તેનાં હાલનાં માળખાંઓમાં તેને જોરજુલમથી બાંધી નહિ રાખે. વિચારશીલ બુદ્ધિની આવી સંપૂર્ણ સમતા અનિવાર્ય છે કારણ કે આવી પ્રગતિનું લક્ષ્ય છે : આધ્યાત્મિક જ્ઞાનના ઊર્ધ્વ પ્રદેશનો વિશાળ પ્રકાશ. આવી સમતા બીજા બધા પ્રકારના કરતાં વધારેમાં વધારે નાજુક અને મુશ્કેલમાં મુશ્કેલ છે; અને માનવીના મને પણ હજી સુધી તેનો ઓછામાં ઓછો વ્યવહાર કરેલો છે. જ્યાં સુધી અતિમાનસિક પ્રકાશ ઊર્ધ્વતા ઝંખતા મનની ઉપર પૂરેપૂરો ના પથરાય ત્યાં સુધી આ સમતાને પરિપૂર્ણ બનાવવી અશક્ય છે. પણ જ્યાં સુધી એ પ્રકાશ મનના તાત્ત્વિક પિંડ પર મુક્ત રીતે કાર્ય ના કરી શકે ત્યાં સુધી બુદ્ધિમાં સમતા સ્થાપવાના સંકલ્પને પાકો કરતા જ જવાનું જરૂરી છે. અને આ પણ ન તો બુદ્ધિની સત્ય ખોજનો કે વિશ્વમાંના તેના હેતુઓનો ઇન્કાર છે કે ન તો કોઈ ઉદાસીનતા કે નિષ્પક્ષ નાસ્તિકતા છે, કે ન તો વાચાતીત બ્રહ્મની નીરવતામાં વિચાર માત્રની સ્થગિતતા છે. ઊર્ધ્વ પ્રકાશ અને જ્ઞાન માટેનું સમતાપૂર્ણ વાહન બનાવવા માટે મનને તેની મર્યાદિત ક્રિયાઓમાંથી મુક્ત કરવાની જરૂર ઊભી થાય ત્યારે મનના વિચારોને સ્થગિત કરવા એ સાધનાનો એક ભાગ હોઈ શકે છે; પણ એ મનના અસલ પદાર્થનું રૂપાંતર પણ કરવાનું જ છે; નહિ તો માનવજાતિમાં દિવ્ય ચેતનાના વ્યવસ્થિત કાર્યને સાકાર કરવા માટે ઊર્ધ્વ પ્રકાશ મનને પૂરેપૂરું પકડમાં પણ નહિ લઈ શકે અને તેને અનિવાર્ય

આકાર પણ નહિ આપી શકે. વાચાતીત બ્રહ્મની નીરવતા એ એક દિવ્ય સત્ય છે જ, પણ એ નીરવતામાંથી પ્રગટ થતો પરમ શબ્દ એ પણ એક એવું જ સત્ય છે; અને એ જ આ શબ્દ છે કે જેને પ્રકૃતિના સચેતન સર્જનમાં મૂર્ત આકાર આપવાનો છે.

પણ છેક છેવટે તો પ્રકૃતિમાં સમતા સ્થાપવાની આ સમગ્ર સાધના એ માત્ર એક એવી તૈયારી છે કે જેથી આત્માની સર્વોચ્ચ સમતા સમગ્ર જાતનો કબજો કરે અને એક એવું વ્યાપક વાતાવરણ સર્જે કે જેમાં ભગવાનના દિવ્ય પ્રકાશ, શક્તિ અને આનંદનો આવિર્ભાવ માનવમાં હંમેશાં વધારે ને વધારે સમગ્ર થતો જ જાય.

(યોગમાર્ગોનો સમન્વય, ગ્રંથ : ૨ પૃ. ૧૯૪થી ૧૯૬)

*

પ્રકૃતિના બધા ઉછાળાઓ એ હવે તેને માટે સપાટી ઉપર ચડતાં અને પડતાં મોજાં જેવાં જ બની રહે છે; પોતાના અગાધ ઊંડાણની શાંતિમાં, અતિવિશાળ આનંદમાં, વિશ્વ જેટલી વિશાળ સમતામાં, કે સીમાવિહીન પ્રભુતામાં તેથી કાંઈ જ ફેર પડતો નથી.

(યોગમાર્ગોનો સમન્વય, ગ્રંથ : ૧ પૃ. ૧૧૫)

સમતાની સ્થાપના કઈ રીતે કરવી?

સંપૂર્ણ સમતાની સ્થાપના લાંબો સમય માગી લે છે અને એ ત્રણ વસ્તુઓ ઉપર આધાર રાખે છે — આત્મા આંતર સમર્પણ દ્વારા પોતાને અર્પિત કરી દે, ઊર્ધ્વમાંથી અવતરણ કરતી આધ્યાત્મિક શાન્તિ અને સ્વસ્થતા અને સમતાનો વિરોધ કરતી અહંકારી, રાજસિક અને અન્ય લાગણીનો વિસ્તીર્ણ સતત પરિત્યાગ.

સૌ પ્રથમ જે કરવાનું છે તે છે હૃદયમાં સંપૂર્ણ સમર્પણ અને અર્પણ — આધ્યાત્મિક શાન્તિમાં વૃદ્ધિ અને સમર્પણભાવની વૃદ્ધિ, એ છે અહંકાર, રજોગુણ વિગેરેનો પરિત્યાગ અસરકારક બનાવવાની શરત.

***

આપણું અજ્ઞાન, આપણાં સ્ખલનો અને આપણી નબળાઈઓ હોવા છતાં, વિરોધી શક્તિઓના હુમલાઓ થતા હોવા છતાં તથા તત્કાલીન નિષ્ફળતા મળતી હોવા છતાં આપણે એવી શ્રદ્ધા રાખવાની જ છે કે ઈશ્વરીય સંકલ્પ આપણને દોરી રહેલ છે. પ્રત્યેક પરિસ્થિતિમાં ઈશ્વર આપણને છેવટના સાક્ષાત્કાર પ્રતિ દોરી જઈ રહ્યા છે. આ શ્રદ્ધા આપણને સમતાનું પ્રદાન કરશે... એક વખત સમતાની સ્થાપના થઈ જાય પછી એક અન્ય પ્રકારની શ્રદ્ધા પણ પ્રસ્થાપિત થતી હોય છે. (CWSA 29 : 91)

***

જેનું ખંડન ન કરી શકાય એવી બે નિશાનીઓ છે, જે પુરવાર કરી આપે છે કે વ્યક્તિ અતિમાનસ સાથે સંબંધ ધરાવે છે.

(૧) સંપૂર્ણ અને સતત સમતા.

(૨) જ્ઞાનમાં સંપૂર્ણ નિશ્ચિતતા.

સંપૂર્ણ હોવા માટે સમતા અચળ અને સહજ, આયાસરહિત હોવી જોઈએ. સર્વ સંજોગો, સર્વ ઘટનાઓ, સર્વ સંપર્કો—ભૌતિક અને મનોમય— પરત્વે સંપૂર્ણ સમતા જાળવવી.
એકતા દ્વારા પ્રાપ્ત કરેલ અમોઘ જ્ઞાનની સંપૂર્ણ અને નિર્વિવાદ નિશ્ચિતતા હોવી જોઈએ.

(CWM 15 : 102) **શ્રી માતાજી**

સમતામાં વૃદ્ધિના ત્રણ તબક્કાઓ

આ સમતા લાંબી અગ્નિ-પરીક્ષા અને ધીરજ-ભર્યાં આત્મ-નિયંત્રણ સિવાય મળતી નથી. જ્યાં સુધી ઇચ્છાઓનું તત્ત્વ જોરદાર હોય ત્યાં સુધી, ઇચ્છાઓના આરામ અને થકાવટના ગાળા સિવાય સમતા જરા પણ અનુભવી શકાતી નથી, અને તે પણ સાચી શાંતિ અને સ્પષ્ટ આધ્યાત્મિક એકતા નહિ પણ એક બેપરવાઈ જેવી અને ઇચ્છાના પોતાના જ પ્રત્યાઘાત જેવી હોવાનો વધારે સંભવ હોય છે. વળી, આ નિયંત્રણને કે આત્માની સમતાની કેળવણીને પણ એના પોતાના જરૂરી ગાળા કે ભૂમિકાઓ હોય છે.

સહનશીલતાનો ગાળો

સામાન્ય રીતે, શરૂઆત કરવાની રહે છે સહનશીલતાથી; કારણકે આપણે સર્વે પરિસ્થિતિનો સામનો કરી તેમને સહન કરતાં અને પચાવી જતાં શીખવું પડે છે. આપણા દરેક તંતુને, દુઃખદાયક કે અણગમતા પ્રસંગથી ભડકી ભાગવાને બદલે અને આનંદદાયક કે મન ગમતા પ્રસંગ ઉપર તૂટી પડવાને બદલે તેમને સ્વીકારવાનું, સામનો કરવાનું, સહન કરવાનું અને મહાત કરવાનું શીખવવું પડે છે. આપણા અંગત અને સ્વાર્થી સંબંધો માત્ર નહિ પણ આપણી આજુબાજુની, ઉપરની અને નીચેની દુનિયા અને તેમાંના લોકો સાથેના આપણા સહાનુભૂતિભર્યા કે સંઘર્ષ-ભર્યા સંબંધોને પણ સહન કરવા જેટલા બળવાન આપણે બનવાનું છે. માનવીઓ, પદાર્થો કે પરિબળો આપણી ઉપર જે કાંઈ કરે તે તથા દેવતાઓનાં દબાણ અને અસુરોનાં આક્રમણ પણ આપણે શાંતિથી સહન કરી લેવાનાં છે, આત્માને મેળવવાના અનંત અનુભવોમાંથી જે કાંઈ આવી પડે તેને આપણે આપણા નિશ્ચલ અધ્યાત્મ—સાગરમાં રહીને સ્વીકારવાના છે અને સમાવી લેવાના છે. આ છે સમતાની કેળવણીમાં બિલકુલ શરૂઆતનો છતાં વીરતાભર્યો, તિતિક્ષા—પ્રધાન ગાળો. પણ શરીર, હૃદય તથા બુદ્ધિની આ મક્કમ સહનશીલતાને, પ્રભુની ઇચ્છાને તાબે થવાની આધ્યાત્મિક સમજ વડે અને ખંતથી, જોરદાર કર્યે જવી જ પડે; આપણો આ જીવંત પિંડ જ્યારે સહન કરી રહ્યો હોય ત્યારે પણ તેણે, પરિપૂર્ણતા માટે પોતાને તૈયાર રહેલ પ્રભુના હસ્ત-સ્પર્શને, માત્ર કઠોર અને હિંમતભરી શાંતિથી જ નહિ પણ જાણીબૂઝીને કે શરણાગત થઈને સ્વીકારતા રહેવાનો છે. ડહાપણભરી, પવિત્ર કે ઈશ્વરભક્તના જેવી કોમળ તિતિક્ષાઓ કરવાનું પણ શક્ય છે; જેનાથી પ્રભુનું આ પાત્ર અતિ કઠોર બની પણ જાય તેવી, માત્ર જાતના જ જોરે આગળ વધતી સહનશીલતાના કરતાં આવી તિતિક્ષાઓ વધારે સારી છે; કારણકે એથી ડહાપણ અને પ્રેમનો સ્વીકાર કરી શકાય તેવું બળ મળે છે, તેમાંની નિશ્ચલતા એ ખૂબ ઊંડી લાગણીથી ભરેલી એક એવી શાંતિ હોય છે કે જે સરળતાથી આનંદ-સ્વરૂપ બની શકે છે. નિરાધાર—શીલતા અને સહનશીલતાના આ ગાળા દરમિયાન થતો મોટો લાભ છે : સર્વ આઘાતો અને પ્રસંગોને પૂરું પડે તેવું આત્મ-બળ.

તૈયારીનો અચલાયમાન ગાળો

તે પછી ઉચ્ચ સ્થિતિની તટસ્થતા અને બેપરવાઈનો એક એવો ગાળો આવે છે કે જેમાં આત્મા ઊર્મિભર્યા લાલચમાંથી તેમ જ દુઃખ અને યાતનાની રિબામણીની કાળી જાળમાંથી બહાર નીકળી જાય છે. આત્મા ઉચ્ચ સ્થાને બેસીને, બધા જ મનુષ્યો પદાર્થો અને પરિબળોને તેમ જ પોતાના અને પારકા વિચારોને, લાગણીઓને, સંવેદનોને અને કર્મોને સંપૂર્ણ શાંત અને અચલાયમાન રહીને જુએ છ; તેમનાથી જરા પણ વ્યગ્ર થતો નથી. આ છે સમતાની કેળવણીમાં તત્ત્વજ્ઞાનીની રીતનો એક વિશાળ અને પ્રભાવપૂર્ણ ગાળો. પણ આ બેપરવાઈએ કર્મો અને અનુભૂતિઓ પ્રત્યેની મૂઢતાનું રૂપ ના લઈ લેવું જોઈએ; એ થાક, અણગમો કે કંટાળામાંથી જન્મેલ કોઈ આડ-રસ્તો કે અસંતુષ્ટ કે અતિ સંતુષ્ટ ઇચ્છાઓનો પ્રત્યાઘાત કે પોતાના ઉધમાતિયા હેતુઓ પાર ન પડતાં મૂંઝાએલ કે નિરાશ થએલ અહમ્‌ની રીસ ના હોવી જોઈએ. અપરિપકવ આત્માને આવા પ્રત્યાઘાતો જરૂર આવવાનો; તેઓ પ્રગતિમાં મદદરૂપ પણ થઈ શકે કારણકે એથી, ઇચ્છાની ચાબુકથી ચાલતી ચંચળ પ્રાણ - પ્રકૃતિના ઉત્સાહ પર લગામ આવે; પણ એ કાંઈ આપણી મહેનતનાં ફળરૂપ પરિપૂર્ણતા નથી. જે બેપરવાઈ કે તટસ્થતા આપણે મેળવવાની છે એ તો છે સર્વ સંબંધો અને પ્રસંગોથી પર થઈ ઊંચે આસને બિરાજતા[૧] આત્માની શાંત ઉચ્ચતા; તે એ સર્વ સંબંધોને નાણી જુએ છે, પછી સ્વીકારે છે કે હડસેલી દે છે; પણ હડસેલતાં ચલાયમાન થતો નથી કે સ્વીકાર કરવાથી તેનાં બંધનમાં આવતો નથી. તે પોતાને નીરવ બ્રહ્મ અને સ્વયંભૂ આત્મતત્ત્વની સમીપ, સમાન અને એકરૂપ, તથા પ્રકૃતિની જે ક્રિયાઓને પોતે સંમતિ આપે છે, અને વિશ્વની ગતિ તથા કર્મથી ઉપર રહેલ ગતિહીન નીરવ બ્રહ્મમાં જેમને તે સર્જે છે, પોષે છે કે લય પમાડે છે તેમનાથી પોતાને વિભિન્ન અનુભવવા લાગે છે. ઊર્ધ્વમાં, પેલે પાર પહોંચી જવાના આ ગાળામાં થતો લાભ છે : દુનિયા પ્રવાહોમાં ઊઠતા સુખમય તરંગો કે આંધીમય ઉછાળાઓથી જરા પણ ચલિત નહિ થતી આત્માની શાંતિ.

પૂર્ણ સ્વાર્પણના આનંદનો પરમોચ્ચ સમયગાળો

જો એ બેમાંથી કોઈ પણ ભૂમિકામાં પકડાઈ ગયા વિના કે તેમને વળગી રહ્યા વિના આપણે તેમાંથી પાર નીકળી જઈ શકીએ તો આપણને એક એવી મહાન અને દિવ્ય સમતામાં પ્રવેશ મળે કે જ્યાં એક આધ્યાત્મિક ઉત્સાહ અને આનંદના પ્રશાંત આવેગથી, તેમ જ પૂર્ણતા પામેલ આત્માની એક પરમ હર્ષ અને પૂર્ણ સમજથી ભરેલી તથા સર્વગ્રાહી સમતા શક્ય બને છે; આ સમતા એક નક્કરતા અને વિશાળતા અને સભરતાથી પદાર્થમાત્રને પોતાનામાં સમાવી દે છે. આ છે સર્વોચ્ચ ભૂમિકા; અને પ્રભુને તથા જગદંબાને ચરણે સમગ્ર જાત સોંપી દેવાનો આનંદ એ છે તેનો પંથ. કારણકે ત્યારે શક્તિને મળે છે સુખ-સભર પ્રભુત્વનો મુકુટ, શાંતિ ઊંડે ઊતરી બની રહે છે પરમ-આનંદ, દિવ્ય અચલતાની પકડ ઊર્ધ્વતા પામી

૧. ઉદાસીન : ઉદ્ = ઊંચે, આસીન = બેઠેલ

બની જાય છે દિવ્ય પ્રકૃતિના આલિંગન માટેની ભૂમિકા. પણ આ વધારે મોટી પરિપૂર્ણતાને માટે માર્ગે મોકાળો કરવા માટે પદાર્થો અને પુરુષો અને પ્રવૃત્તિઓ અને પરિબળોના પ્રવાહને તટસ્થતાથી નિહાળતા આત્માએ પોતાના ઊર્ધ્વ આસનને બદલવું પડે; અને એક દૃઢ અને અચલ આધીનતા તથા એક સમર્થ અને સઘન સમર્પણની એક નવી સમજ સ્વીકારવી પડે. આ આધીનતા હવે એક સંતોષભરી નિષ્ક્રિયતા નહિ રહે; એ બની જશે એક ખુશાલીભર્યો સ્વીકાર; કારણકે હવે સહ્યે જવાનો નિષ્ક્રિયતા બોજ કે વધસ્તંભને વહ્યે જવાનો ભાવ નહિ રહે; આ આધીનતાનો તાણોવાણો હશે પ્રેમ, આનંદ, અને, સ્વાર્પણની ખુશાલી, અને આ શરણાગતિ હશે, જેને આપણે અનુભવીએ છીએ, સ્વીકારીએ છીએ અને આધીન થઈએ છીએ એ દિવ્ય સંકલ્પને તો ખરી જ, પણ જેને આપણે માન્ય કરીએ છીએ તેવી, એ સંકલ્પમાં રહેલ દિવ્ય પ્રજ્ઞાને અને તેમાં રહેલ એક દિવ્ય પ્રેમને પણ ખરી કે જેને આપણે અનુભવીએ છીએ અને પરમ હર્ષથી સહીએ છીએ; આ પ્રજ્ઞા અને પ્રેમ હશે પેલા પરમ પ્રભુના; આપણે જેની સાથે એક સુખસભર અને સંપૂર્ણ એકરૂપતા સાધી શકવાના તેવા પદાર્થમાત્રનાં, અને આપણા પોતાનાં પણ, પરમ-આત્મતત્ત્વનાં. ઋષિમુનિની તત્ત્વજ્ઞાનિક સમતાનું શિખર છે એક એકાકી સામર્થ્ય, શાંતિ, નિશ્ચલતા; પણ પૂરેપૂરી સમગ્રતાની અનુભૂતિ મેળવતાં આત્મા, આ પોતાની જ સર્જેલી અવસ્થામાંથી મુક્ત બની જાય છે અને સનાતન પુરુષના અનાદિ અને અનંત આનંદના એક સર્વોચ્ચ અને સર્વગ્રાહી પરમ-આનંદ-સાગરમાં પ્રવેશ પામે છે. ત્યારે, આખરે, આપણે સર્વ સંબંધોને એક સુખસભર સમતાથી સ્વીકારવા શક્તિમાન થઈએ છીએ. કારણકે ત્યારે આપણે તે સર્વેમાં અમર્ત્ય આનંદ અને પ્રેમના સ્પર્શને, પદાર્થમાત્રના અંતરમાં સંતાએલ નિરપેક્ષ સુખને અનુભવીએ છીએ. વિશ્વવ્યાપી અને સમત્વપૂર્ણ પરમ સુખભરી સમતાની આ પરાકાષ્ટામાં પ્રાપ્ત થતી સિદ્ધિ છે આત્માનો આનંદ, અને, અંતહીન પરમાનંદનાં, કલ્પનાતીત સુખનાં ઊઘડતાં દ્વાર. (યોગમાર્ગોનો સમન્વય, ગ્રંથ : ૧ પૃ. ૨૬૧થી ૨૬૪)

*

સમતાની બે અવસ્થાઓ – નિષ્ક્રિય અને સક્રિય

સંપૂર્ણ અને પરિપૂર્ણ સમતાનું જે વર્ણન કર્યું તે ઉપરથી જણાશે કે આવી સમતાનાં બે પાસાં છે. તેથી પ્રાપ્તિ પણ બે ક્રમિક ક્રિયાઓ દ્વારા કરવાની રહેશે. તેમાંની એકથી આપણને નિમ્ન પ્રકૃતિનાં કર્મોમાંથી મુક્તિ તેમ જ દિવ્ય સત્તાની નિશ્ચલ શાંતિમાં પ્રવેશ મળશે; તો બીજીથી આપણને ઊર્ધ્વ પ્રકૃતિની સમગ્ર સત્તા તથા શક્તિમાં મુક્તિ મળશે અને દિવ્ય તથા અનંત જ્ઞાન, સક્રિય સંકલ્પ-શક્તિ તથા આનંદની સમ-અવસ્થા તથા વિશ્વમયતામાં પ્રવેશ મળશે. પહેલા પ્રકારને નિષ્ક્રિય કે નકારાત્મક સમતા, માત્ર ગ્રહણ કરનારી સમતા કહી શકાય, કે જે જગતની ઘટનાઓના સંપર્કોને વિના સંવેદને સ્વીકારે છે તથા તેઓ આપણી ઉપર જે દ્વંદ્વાત્મક લાગણીઓ અને પ્રતિકારો માટે દબાણ કરે તેને નકારે છે. તો બીજા પ્રકારની સમતા એવા સક્રિય અને ભાવાત્મક પ્રકારની છે કે જે જગતની ઘટનાઓનો સ્વીકાર જરૂર કરે છે પણ

એકમાત્ર ભગવાનના જ આવિર્ભાવ તરીકે તેને સ્વીકારે છે તથા તેમને એક એવી સમતાથી પ્રત્યુત્તર આપે છે કે જે આપણામાં રહેલી દિવ્ય પ્રકૃતિમાંથી ઊઠેલો હોય છે અને જે તેમનાં મૂલ્યોનું પોતાની આગવી અને ગુપ્ત રીતે રૂપાંતર કરી નાખતી હોય છે. પહેલા પ્રકારની સમતા એકમેવ બ્રહ્મની શાંતિમાં રહેલી છે તથા અસલ અજ્ઞાનની કર્મશીલ પ્રકૃતિનો ઇન્કાર કરનારી છે. બીજા પ્રકારની સમતા એ જ શાંતિમાં, અને સાથે સાથે, પરમાત્માના પરમ-આનંદમાં પણ રહે છે. તથા પ્રકૃતિના આત્મમય જીવન ઉપર દિવ્ય જ્ઞાન, શક્તિ તથા અસ્તિત્વના આનંદનું આરોપણ કરે છે.

નિષ્ક્રિય સમતા પરત્વેનું શકય વલણ

નિષ્ક્રિય, અથવા તો સંપૂર્ણપણે સ્વીકાર-શીલ સમતાની સાધનાની શરૂઆત એવા જુદા જુદા ત્રણ સિદ્ધાંતો કે માનસિક વલણોમાંથી થાય છે કે જે ત્રણેય છેવટે તો એક જ પરિણામ પ્રત્યે આપણને દોરી જાય છે. આ ત્રણ સિદ્ધાંતો તે : તિતિક્ષા કે સહનશીલતા, ઉદાસીનતા, અને આધીનતા કે સ્વીકારશીલતા.

તિતિક્ષાનું વલણ (સંકલ્પની સાધના)

તિતિક્ષાનો સિદ્ધાંત આપણા અંતરાત્માની એવી શક્તિ ઉપર ઊભેલો છે કે જે આપણને ચારે બાજુથી ઘેરી વળેલી ઘટનાત્મક પ્રકૃતિના સર્વે સંપર્કો, સંસર્ગો અને સૂચનોને, તેમાં તણાયા વિના તેમ જ તેમના તરફના ભાવ-પ્રધાન, કર્મ-પ્રધાન કે બુદ્ધિ-પ્રધાન પ્રતિકારોને સ્વીકારવાની ફરજ વિના સહન કરે છે.

આ પ્રતિકારો ઉપર પોતાની, વિરોધ અને સામનો કરતી, મક્કમ અને સમતા-પૂર્ણ તિતિક્ષા -શક્તિ અજમાવીને આત્મા પોતાનું પ્રભુત્વ સ્થાપવા કે તેમનાથી બચવાનો કે દૂર ભાગવાનો પ્રયત્ન કરવાને બદલે તે તેમનો સામનો કરે અને તેમનાથી પીડાવાનું કે ખંતથી, મક્કમતાથી, વધ્યે જતી સમતાથી કે તપસ્વી જેવા શાંત સ્વીકારથી તેમને સહન કરવાનું શીખે એ પણ શકય છે. આવા વલણ અને આવી સાધનાને પરિણામે પદાર્થો પ્રત્યેની આત્માની ત્રણ જાતની શક્તિ, ત્રણ જાતની સિદ્ધિ પ્રાપ્ત થાય છે. પ્રથમ તો એ સમજાય છે કે પહેલાં જે અસહ્ય હતું તે હવે સહેલાઈથી સહન કરી શકાય છે. સંસર્ગોનો સામનો કરતી શક્તિની માત્રા વધતી જાય છે; મૂંઝવણ, દુઃખ, શોક, તિરસ્કાર અથવા અણગમતા પ્રકારની બીજી કોઈ લાગણી ઊભી કરવા માટે એ પ્રતિકારે પોતાની તાકાત અથવા ગાળો વધારતા જ જવું પડે છે. બીજી બાબત એ બને છે કે સચેતન પ્રકૃતિના બે ભાગ પડી જાય છે : એક તો, સામાન્ય મનોમય અને ઊર્મિમય પ્રકૃતિનો કે જેમાં જૂના પ્રતિકારો ચાલ્યા કરે છે. અને બીજો, તેનાથી ઉપરની બુદ્ધિ અને સંકલ્પનો કે જે આ નિમ્ન પ્રકૃતિના આવેગોને, અશાંત કે આસક્ત થયા વિના અવલોકે છે, તેમને પોતાના ગણતો નથી, સ્વીકાર કે સંમતિ આપતો નથી કે તેમાં ભાગ લેતો નથી. એટલે નિમ્ન પ્રકૃતિની પ્રતિકાર શક્તિ ઘટવા માંડે છે અને એ શાંતિ અને સામર્થ્ય મન તથા હૃદયનો, અને ખુદ ઇન્દ્રિયો, પ્રાણ અને દેહનો પણ કબજો લેવા માંડે છે. આ તિતિક્ષા અને સંયમની શક્તિના પરિણામે, તેમ જ નિમ્ન પ્રકૃતિના આ ભાગલા અને અસ્વીકારના પરિણામે ત્રીજી

શક્તિ અને સિદ્ધિ આવી મળે છે; એ છે : સામાન્ય પ્રતિકારોમાંથી છુટકારો અને જો આપણે ધારીએ તો, આત્મ-શક્તિના જોરે આપણા સર્વ પ્રકારના અનુભવોની નવરચના. તિતિક્ષાની આ પદ્ધતિ માત્ર અણગમતા પ્રતિકારો પર જ નહિ પણ મનગમતા પ્રતિકારો પર પણ અજમાવી શકાય છે. આત્મા તેમને તાબે થવાનો કે તેમાં તણાઈ જવાનો ઇન્કાર કરે છે. સુખદાયક અને હર્ષદાયક પ્રતિકારોને તે શાંત રહીને પસાર થવા દે છે; તેમનાથી ઉશ્કેરાઈ જવાની તે ના પાડે છે, અને આ હર્ષની તેમ જ સુખદાયક વસ્તુઓ માટે દોડતા મનની આતુરતાની જગ્યાએ આત્માની નિશ્ચલતાને સ્થાપે છે. વળી જ્ઞાનની પ્રાપ્તિ તથા જ્ઞાનની મર્યાદાઓના નિશ્ચલ સ્વીકાર દ્વારા આ તિતિક્ષાને, વિચાર-પ્રધાન મન ઉપર પણ લાગુ પાડી શકાય છે; આથી આ મન આકર્ષક વિચારોની મોહિનીમાં તણાઈ જવાની કે વણ-ટેવાએલા કે અણગમતા વિચારો પ્રત્યે તિરસ્કાર કેળવી દૂર ભાગવાની ના પાડે છે અને નિર્લેપ દૃષ્ટિથી પરમ સત્ય તરફ મીટ માંડે છે કે જેથી તે સમર્થ, અનાસકત, પ્રભુતા-પૂર્ણ સમજ અને સંકલ્પ-શક્તિનો વિકાસ કરી શકે. આમ આત્મા ધીમે ધીમે સર્વે બાબતો પ્રત્યે સમતા ધારણ કરે છે, પ્રભુત્વ પ્રાપ્ત કરે છે અને મનમાં એક મજબૂત થાણું જણાવીને તથા આત્મામાં એક અચલ પ્રશાંતતા ધારણ કરીને દુનિયાના સર્વે સંસર્ગોને ઝીલવા સમર્થ બને છે.

ઉદાસીનતાનું વલણ (જ્ઞાનની સાધના)

બીજો સાધના-માર્ગ છે : તટસ્થ ઉદાસીનતા કે નિર્લેપતા-ભર્યા વલણનો. તેની પદ્ધતિ છે : પદાર્થ-માત્ર માટેના રાગ-દ્વેષનો એક સામટો ઇન્કાર, તેમને માટેની એક પ્રકાશમય અવેદનતા, એક વિરોધભર્યો અસ્વીકાર, તેમનો સાથ સંબંધ અને ઉપયોગ રદ કરવાનો અભ્યાસ. સંકલ્પબળની તો હમેશાં જરૂર પડવાની જ, છતાં આ જાતનું વલણ સંકલ્પના કરતાં વધારે તો જ્ઞાનની ઉપર પ્રતિષ્ઠિત છે. આ વલણ મનના બધા આવેગોને બાહ્ય મનોમયતાની ભ્રામક દશામાંથી સર્જાએલા ગણે છે; અથવા સમત્વપૂર્ણ, અદ્વિતીય આત્માના પ્રશાંત સત્યની સાથે રહેવા માટે ના-લાયક એવી હલકી વૃત્તિઓ ગણે છે; અથવા, સુજ્ઞ પુરુષની શાંત, સાક્ષીરૂપ સંકલ્પ-શક્તિ તથા નિર્લેપ બુદ્ધિ ધારણ કરીને ત્યજી દેવા યોગ્ય, પ્રાણ અને હૃદયના અવરોધો ગણે છે. તે મનમાંથી કામનાઓને કાઢી મૂકે છે, પદાર્થોમાં દ્વંદ્વભર્યા ગુણો આરોપતા અહમ્‌નો ઇન્કાર કરે છે; અને કામનાના સ્થાને એક તટસ્થ અને નિર્લેપ શાંતિ તથા અહમ્‌ના સ્થાને વિશુદ્ધ આત્માને સ્થાપે છે કે જે દુનિયાના સંસર્ગોથી ન તો અશાંત થાય છે, ઉશ્કેરાય છે કે ચલિત થાય છે. અને માત્ર ઊર્મિ-પ્રધાન મન જ શાંત નથી થતું પણ બુદ્ધિ પણ અજ્ઞાનપ્રેર્યા વિચારોનો ત્યાગ કરે છે અને નિમ્ન જ્ઞાનમાં રસ લેવાનું છોડી તેનાથી પર, સનાતન અને અક્ષર સત્યમાં આરોહણ કરે છે. આ માર્ગથી પણ એવી ત્રણ સિદ્ધિઓ કે શક્તિઓ વિકાસ પામે છે કે જે શાંતિના ઊર્ધ્વ પ્રદેશમાં લઈ જાય છે.

પહેલી વાત એ સમજાય છે કે મન આ જીવનના ક્ષુદ્ર આનંદો અને ઉપાધિઓથી મરજિયાત રીતે જ બંધાએલું છે અને જો આત્મા એકવાર માત્ર એટલું જ નક્કી કરે કે બાહ્ય અને ક્ષણભંગુર વસ્તુઓનાં નિયંત્રણોને લાચાર બનીને વશ થવાની તેની આદત તે ફેંકી દે તો પછી એ બધાં;

હકીકતમાં તો, તેની ઉપર કોઈ જ જાતની આંતરપકડ રાખી શકે તેમ નથી. બીજી વાત એ સમજાય છે કે અહીં પણ બે ભાગલા પાડવાનું, ચેતનાના એવા બે ભાગ કરવાનું શક્ય છે કે જેમાં એક તરફ જૂના ઘરેડિયા સંસર્ગોને વશ નિમ્ન કે બાહ્ય મન છે અને બીજી તરફ આત્માની નિર્લેપ અચલતામાં વસવા માટે તૈયાર એવી, પાછી હઠી ગએલી ઊર્ધ્વ બુદ્ધિ અને સંકલ્પ શક્તિ છે. બીજા શબ્દોમાં, આપણામાં એક એવી આંતરિક, અલગ અચલતા વિકસે છે જે નિમ્ન અંગોના ઉગ્ર ઊહાપોહમાં ભાગ લીધા વિના કે તેને અનુમતિ આપ્યા વિના તેને માત્ર અવલોકે છે. શરૂઆતમાં ઊર્ધ્વ બુદ્ધિ અને સંકલ્પ-શક્તિ ડહોળાઈ જાય, તેમની ઉપર હલ્લા થાય કે નિમ્ન અંગોના ઉછાળામાં મન તણાઈ જાય એમ ઘણી વાર બને પણ ખરું, પણ અંતે તો આ અચલતા અજેય, સ્થાયી અને ઉગ્રમાં ઉગ્ર સંસર્ગોની સામે પણ અચલ બની જાય છે – ना दुःखेना गुरुणाऽपि विचाल्यते । – આવો અચલ અંતરાત્મા બાહ્ય મનની ઉપાધિઓથી પર થઈ નિર્લેપતાથી તેમને નિહાળે છે અથવા, તેમાં અટવાઈ પડયા વિના નાનાં છોકરાંના બાલિશ આનંદ કે શોકમાં ભાગ લેતા વડીલની માફક અછડતો ભાગ લે છે; તે તેમને ન તો તેની પોતાની ગણે છે કે ન તો તેમની પાછળ કોઈ સ્થાયી સત્ય જુએ છે. છેવટે, બાહ્ય મન પોતે પણ આ અચલ અને તટસ્થ પ્રશાંતતાનો સ્વીકાર કરે છે; અને પહેલાં પોતે જેનાથી ખેંચાઈ જતું હતું તેના તરફ હવે આકર્ષાતું નથી, અને શોક તથા દુઃખ કે જેમને ખોટી અગત્ય આપવાની તેને ટેવ હતી તેનાથી હવે તે હેરાન થતું નથી. આમ ત્રીજી શક્તિ પણ આવી મળે છે; તે છે : વિશાળ નિશ્ચલતા અને શાંતિની, સર્વત્ર વ્યાપેલી શક્તિ, આપણી ઉપર સવાર થઈ બેઠેલી, કાલ્પનિક અત્યાચાર આદરતી પ્રકૃતિના સકંજામાંથી છૂટયાની ખુશાલી. અસ્થાયી પદાર્થોની અથડામણો અને અશાંતિને સ્થાને આવી વસેલું, સનાતન અને અનંત અસ્તિત્વના સ્પર્શવાળું, સ્થાયી, અતલ, અચલ, નિરતિશય સુખ; ब्रह्म संस्पर्शमत्यन्तम् सुखमश्नुते ।। અંતરાત્મા આત્માનંદમાં, આત્માના અદ્વિતીય અને અનંત આનંદમાં નિશ્ચલ બને છે; હવે તે બાહ્ય સંસ્પર્શો અને તેમાંથી મળતાં સુખ અને શોકની પાછળ ભમતો નથી. કોઈ નાટક કે ખેલ, કે જેમાં જોડાવાનું હવે તેને બંધન રહ્યું નથી તેના પ્રેક્ષકની માફક હવે તે વિશ્વને માત્ર નિહાળ્યા કરે છે.

આધીનતાનુ વલણ (ભક્તિની સાધના)

ત્રીજો માર્ગ છે આધીનતાનો. તે ક્રિશ્ચિયન ધર્મમાં જેને ભગવાનની ઇચ્છાને આધીન થઈ બધું જ છોડી દેવાની જે વાત કરી છે તેના જેવો હોય; અથવા તો, પદાર્થો અને પ્રસંગોને વિશ્વવ્યાપક પરમ સંકલ્પનાં કાલવશ પ્રાગટ્યો ગણી તેમનો વિના અહમ સ્વીકાર કરવાનો પણ હોય; અથવા ભગવાનને, પરમપુરુષને પોતાની જાતનું પૂર્ણ સમર્પણ કરવાનો પણ હોય. પહેલો માર્ગ સંકલ્પનો હતો અને બીજો જ્ઞાનનો; તો આ માર્ગ છે ચિત્ત અને હૃદયનો; ભક્તિની સાથે તેનો ગાઢ સંબંધ છે. જો આ માર્ગનું અંત સુધી અનુસરણ કરવામાં આવે તો અહીં પણ સંપૂર્ણ સમતા પ્રાપ્ત થાય છે. કારણકે અહં-રૂપી ગાંઠ ઢીલી પડે છે, અંગત હક્ક-દાવા દૂર

થવા માંડે છે; આપણને સમજાય છે કે મનગમતી વસ્તુઓથી ખુશ થવાનું અને અણગમતી વસ્તુઓથી નાખુશ થવાનું આપણને બંધન નથી. ઉત્સાહ-ભરી પકડ વિના કે ઉશ્કેરાટ-ભર્યા ત્યાગ વિના આપણે તેમને સ્વીકારી શકીએ છીએ, આપણી જાતના સ્વામી પાસે તેમને રજૂ કરી શકીએ છીએ, તેમની આપણને થતી અંગત અસર પ્રત્યે વધારે ને વધારે બેપરવા થતા જઈએ છીએ; અને માત્ર એક જ બાબત અંગત બની રહે છે : પ્રભુ પ્રત્યે પ્રયાણ; અથવા વિશ્વમય અને અનંત અસ્તિત્વ સાથેનો સંપર્ક અને સંવાદ; અથવા ભગવાન સાથે જોડાવું, તેનાં વાહન, કરણ, સેવક, પ્રેમી થવું, તેને અને તેની સાથેના આપણા સંબંધને માણતા રહેવું, અને તેના સિવાય બીજા શેને ય હર્ષ કે શોકના આધાર કે કારણ તરીકે ના સ્વીકારવું. અહીં પણ જૂની ઊર્મિઓથી ટેવાયેલું નિમ્ન મન નમતું આપે છે, બદલાય છે, પલટો પામે છે, ભગવાનના પ્રેમ, આનંદ અને મસ્તીમાં ડૂબી જાય છે, તેના સિવાયના સર્વે રસ અને આકર્ષણ છોડી દે છે. ત્યારે અંતરમાં સર્વત્ર છવાઈ રહે છે અદ્વૈતની સમતાપૂર્ણ શાંતિ અને આનંદ બૌદ્ધિક સમજથી પેલે પારનો શબ્દ-હીન પરમ આનંદ, નિમ્ન તત્ત્વોની ખલેલથી અસ્પૃષ્ટ અને આધ્યાત્મિક અસ્તિત્વના ગહન ઊંડાણમાં રહેલી પરમ-શાંતિ.

આ ત્રણ માર્ગોની શરૂઆત જુદી જુદી રીતે થવા છતાં તેઓ એકસરખા થઈ રહે છે. પહેલાં તો, બાહ્ય સ્પર્શો, એટલે કે બાહ્ય પદાર્થોના સંસર્ગો પ્રત્યે મનના પ્રતિકારોનો નિરોધ, અને બીજું, પ્રકૃતિની બાહ્ય ક્રિયાઓમાંથી આત્માની અલગતા એ આ ત્રણે ય માર્ગો દ્વારા આવી મળે છે.

સકારાત્મક અને સક્રિય સમતા

પણ એ તો દેખીતું જ છે કે જો આપણે એક એવી વધારે સક્રિય સમતા પ્રાપ્ત કરી શકીએ કે જે આપણને અનાસક્ત અને અલગતાભરી અચલતા વડે આ જગતથી માત્ર દૂર જ ના લઈ જાય અથવા માત્ર તેનો સામનો કરતાં જ ના શીખવાડે પણ અચલઅને સમતાપૂર્ણ આત્માના સામર્થ્ય વડે આપણને તેમાં પાછા લાવે અને તેના પર કબજો અપાવે, તો આપણી પરિપૂર્ણતા વધારે મહાન અને સર્વેનો સમાવેશ કરતી વધારે સંપૂર્ણ બનશે. આમ બની શકે છે; કારણકે જગત, પ્રકૃતિ, કર્મો એ બધું હકીકતમાં તો કોઈ જુદી જ વસ્તુ નથી પણ પરમાત્માના, સર્વાત્માના, ભગવાનના આવિર્ભાવો જ છે. આપણું સામાન્ય મન તેમનો જ પ્રતિકાર કરે છે એ, દિવ્ય મૂલ્યોની એવી વિકૃતિ છે કે જે, જો આ વિકૃતિમાંથી તે મુક્ત થઈ જાય તો, તે હકીકતને સ્પષ્ટ રીતે આપણી નજર સમક્ષ રજૂ કરે છે; એ વિકૃતિ એટલે પેલાં દિવ્ય મૂલ્યોને બદલી નાખતું એક જૂઠાણું, અજ્ઞાન, એવું અજ્ઞાન, કે જે અંધ, જડ અચેતનતામાં થએલી પરમાત્માની અવક્રાંતિમાંથી ઊભું થયેલું છે. ભગવાનની, પરમ આત્માની પૂર્ણ ચેતનામાં આપણો એકવાર પુનઃપ્રવેશ થાય એટલે પદાર્થોનું સાચું, દિવ્ય મૂલ્ય આંકી શકીએ છીએ અને તેમને આત્માની શાંતિ, આનંદ, જ્ઞાન અને સચેતન સંકલ્પ વડે સ્વીકારી શકીએ છીએ અને તેમની પર કાર્ય કરી શકીએ છીએ. આપણે એમ કરવાની શરૂઆત કરીએ એટલે આત્મા આ

વિશ્વમાં સમતાભર્યો આનંદ માણવા માંડે છે, સર્વે પરિબળોને સમતાપૂર્ણ સંકલ્પથી હાથમાં લે છે, આ દિવ્ય આવિર્ભાવની સર્વે ઘટનાઓની પાછળ રહેલા આધ્યાત્મિક સત્યને સમતાપૂર્ણ જ્ઞાનથી પ્રાપ્ત કરે છે. પરમાત્મા તેમને જે રીતે ધારણ કરે છે તે રીતે એટલે કે અનંત પ્રકાશ, સામર્થ્ય અને આનંદની સમગ્રતા વડે આત્મા તેમને ધારણ કરે છે.

એટલે નકારાત્મક અને નિષ્ક્રિય સમતાને બદલે ભાવાત્મક અને સક્રિય સમતા ગ્રહણ કરવાથી આ સમગ્ર અસ્તિત્વનો સ્વીકાર કરી શકાય છે.

સકારાત્મક સમતાની પદ્ધતિ

આને માટેની પ્રથમ જરૂરિયાત છે એક એવું નવું જ્ઞાન કે જે અદ્વૈતનું જ્ઞાન હોય, જેમાં પદાર્થ—માત્ર પોતાની જાત—રૂપ દેખાતો હોય, સર્વે પદાર્થોમાં ભગવાન અને ભગવાનમાં સર્વે પદાર્થો દેખાતા હોય. બીજી જરૂરિયાત છે સર્વે ઘટનાઓ, સર્વે પ્રસંગો, સર્વે બનાવો, સર્વે વ્યક્તિઓ અને સર્વે શક્તિઓનો એક જ પરમાત્માનાં મહોરાંઓ તરીકે એક જ શક્તિની ગતિઓ તરીકે, એક જ દિવ્ય પ્રજ્ઞાથી નિયંત્રિત થએલા એક જ સક્રિય સામર્થ્યનાં પરિણામો તરીકે સમતાભર્યો સ્વીકાર કરવાનો સંકલ્પ. અને તે પછી મહત્તર જ્ઞાનવાળા આ સંકલ્પના પાયા ઉપર, આત્મા અને મનને અચલ રાખીને સર્વસ્વનો સ્વીકાર કરી શકનારી શક્તિ વિકાસ પામે છે. જેને મારી જાત કહી શકાય તેનું વિશ્વના આત્મા સાથે અદ્વૈત થવું જ જોઈએ; સર્વે જીવો સાથે અદ્વૈત દેખાવું અને અનુભવાવું જ જોઈએ; સર્વે શક્તિઓ, પરિબળો, પરિણામોનો મારી જાતની — અને પૂરેપૂરી મારી પોતાની — જ શક્તિની ગતિઓ તરીકેનો અનુભવ થવો જ જોઈએ. અને એ તો દેખીતું જ છે કે આ બધું મારી અહમ્‌મય જાત તરીકે નથી જ અનુભવવાનું (એને તો ચૂપ કરી દેવાની છે, બાકાત કરી નાખવાની છે, ફેંકી જ દેવાની છે — નહિ તો પરિપૂર્ણતા પ્રાપ્ત થાય જ ક્યાંથી?) પણ હવે હું જેની સાથે એક બની ગયો છું તે વિશાળ, વ્યક્તિત્વવિહીન અથવા વિશ્વમય, જાત તરીકે અનુભવવાનું છે. કારણકે હવે મારું વ્યક્તિત્વ એ વિશ્વમય આત્માનું માત્ર એક કર્મ — કેન્દ્ર છે; અને એ કેન્દ્ર અન્ય સર્વે વ્યક્તિ — સ્વરૂપો સાથે અને, આપણને જે માત્ર વ્યક્તિત્વ—વિહીન પદાર્થો અને શક્તિઓ લાગે છે તેવા સર્વ કાંઈ સાથે પણ ગાઢ સંબંધમાં અને એકતામાં આવી ગએલું છે. આ સર્વે અન્ય વ્યક્તિ — સ્વરૂપો, પદાર્થો અને શક્તિઓ એ બધાં હકીકતમાં તો એક જ વ્યક્તિત્વ-હીન પુરુષનાં, ભગવાનનાં, પરમાત્માનાં, પરમ આત્મ—તત્ત્વનાં સામર્થ્યો છે. મારું વ્યક્તિસ્વરૂપ એ એનું જ સ્વરૂપ છે; એ હવે વિશ્વમય સ્વરૂપ સાથે ન તો અસંગત છે, ન તો તેનાથી અલગ છે; એ પોતે જ હવે વિશ્વમય બની ગયું છે; વિશ્વમય આનંદનું જ્ઞાતા બની ગયું છે; એ જે કાંઈ જાણે છે, જેના પર કાર્ય કરે છે, જેનો ઉપભોગ કરે છે તેની સાથે એકરૂપ અને તેનું પ્રેમી પણ બની ગયું છે; કારણકે વિશ્વના સમતાપૂર્ણ જ્ઞાનમાં અને વિશ્વના સ્વીકાર માટેના સમતાપૂર્ણ સંકલ્પમાં ભગવાનના વિશ્વમય પૂર્ણ આવિર્ભાવ માટેનો સમતાપૂર્ણ આનંદ પણ હવે ઉમેરાય છે.

પદ્ધતિનાં ત્રણ પરિણામો (ત્રણ સિદ્ધિઓ)

અને આ પદ્ધતિની પણ ત્રણ સિદ્ધિઓ અને શક્તિઓને અહીં રજૂ કરી શકાય તેમ છે. પ્રથમ તો, આધ્યાત્મિક જ્ઞાનને ઝીલતા આપણા આત્મામાં તથા ઊર્ધ્વ બુદ્ધિ અને સંકલ્પ-શક્તિમાં આ સમતાપૂર્ણ સ્વીકારની શક્તિ વિકાસ પામે છે. વળી, પ્રકૃતિને પણ આવા વલણનો સામાન્ય સ્વીકાર કરવા સમજાવી શકાય છે; તેમ છતાં એક બાજુ આ ઊર્ધ્વ બુદ્ધિ અને સંકલ્પશક્તિ તથા બીજી બાજુએ, દુનિયાને જોવાની અને તેના સંસર્ગોનો પ્રત્યુત્તર આપવાની જૂની અહંતામય આદતને વળગી રહેતા નિમ્ન મનની વચ્ચે ઝગડો ચાલ્યા કરે છે. શરૂઆતમાં ગૂંચવાઈ જતાં, એકબીજામાં ભળી જતાં, ચડસાચડસી કરતાં, એકબીજા પર દબાણ કરતાં, કબજો લેવા પડાપડી કરતાં આ બે તત્ત્વોને પછીથી જુદાં પાડી શકાય છે; ઊર્ધ્વ, આધ્યાત્મિક પ્રકૃતિને નિમ્ન, મનોમય પ્રકૃતિમાંથી અલગ તારવી શકાય છે. મન હજી શોક, ચિંતા, નિમ્ન આનંદ અને સુખ જેવા પ્રતિકારોને વશ હોય તેવા આ ગાળામાં ત્યારે એક એવી વધારાની મુશ્કેલી ઊભી થાય છે કે જે અન્ય, પૂરા વ્યક્તિપ્રધાન યોગોમાં એટલી ઉગ્ર રીતે હેરાન કરતી નથી. કારણકે આ વિશ્વપ્રધાન યોગ-પદ્ધતિમાં મનને માત્ર પોતાની જ ઉપાધિઓ અને મુશ્કેલીઓ વેઠવાની નથી હોતી પણ અન્ય લોકોના હર્ષ અને શોકમાં પણ તે ભાગ લે છે, તીવ્ર સહાનુભૂતિથી દ્રવે છે, તેમના સંસર્ગોને સૂક્ષ્મ સંવેદન-પૂર્વક અનુભવે છે, તેમને પોતાના જ ગણે છે; માત્ર એટલું જ નહિ પણ અન્ય લોકોની મુશ્કેલીઓ આપણી મુશ્કેલીમાં ઉમેરાય છે અને પરિપૂર્ણતાનો વિરોધ કરતાં બળો વધારે જીદપૂર્વક આપણને વળગે છે, કારણકે તેઓ સમજે છે કે આપણી આ પ્રવૃત્તિ એ માત્ર કોઈ રડ્યાખડ્યા આત્માનો, તેમના સામ્રાજ્યમાંથી નાસી છૂટવાનો યત્ન નથી પણ તેમના વિશ્વ-સામ્રાજ્ય પર આક્રમણ કરવાની અને તેને જીતી લેવાની હિલચાલ છે. પણ છેવટે એ પણ દેખાય છે કે આ મુશ્કેલીઓને જીતવાનું સામર્થ્ય પણ અંતે આવી મળે છે; ઊર્ધ્વ બુદ્ધિ અને સંકલ્પ-શક્તિ નિમ્ન મન પર દબાણ કરે છે અને નિમ્ન મન પણ આધ્યાત્મિક પ્રકૃતિનાં વિશાળ સ્વરૂપોમાં સમજપૂર્વક પલટાય છે; અને પોતાના રૂપાંતર દ્વારા સર્વે ઉપાધિઓ, અંતરાયો અને મુશ્કેલીઓને સાફ ના કરી નાખી શકાય ત્યાં સુધી તેમનો અનુભવ અને સામનો કરવામાં તથા તેમને મહાત કરવામાં પણ આનંદ માણે છે. ત્યારે સમગ્ર જાત સર્વોચ્ચ શક્તિમાં, વિશ્વવ્યાપી શાંતિ અને આનંદમાં, પરમાત્માના પોતાના, તથા તેના આવિર્ભાવના સચેતન આનંદ અને સંકલ્પમાં નિવાસ કરવા લાગે છે.

(યોગમાર્ગોનો સમન્વય - ગ્રંથ-૨ પૃ. ૧૯૭થી ૨૦૬)

*

સમતાનું કાર્ય

અશાંતિ જીદ કરીને વળગી રહે, શુદ્ધિ અને પરિપૂર્ણતા પાર પાડતાં વખત લાગે તો તેથી નથી થવાનું નિરુત્સાહ કે અધીર. અશાંતિ આપણી અંદર આવી શકે છે તેનું કારણ એ જ કે પ્રકૃતિમાંથી ક્યાંક તેને આવકાર મળે છે; અને તેના ઉથલાથી સાધકની ખામી ખુલ્લી થાય છે,

તેને સાવધ કરે છે અને તેમાંથી મુક્ત થવા માટે વધારે પ્રકાશમય અને સુસંગત સંકલ્પને કામે લગાડવા પ્રેરે છે. અશાંતિ એટલી પ્રબળ હોય કે તેને દૂર ના કરી શકાય તો તેને પસાર થઈ જવા દેવી અને આત્માના સ્પર્શવાળી બુદ્ધિને વધારે સતેજ અને આગ્રહી બનાવીને અશાંતિના પુનઃપ્રવેશને નાબૂદ કરી દેવો. આમ મંડ્યા રહેવાથી છેવટે દેખાશે કે આ વિરોધો ધીમે ધીમે નબળા પડતા જાય છે, વધારે ને વધારે બહાર ધકેલાતા જાય છે, તેમના ઊથલા ટૂંકા થતા જાય છે અને છેવટે શાંતિ એ જ આપણો અચલ ધર્મ બની રહે છે. જ્યાં સુધી મનોમય બુદ્ધિ એ જ આપણું મુખ્ય સાધન હોય ત્યાં સુધી જ આ નિયમને વળગી રહેવાનું છે; પણ અતિમાનસિક પ્રકાશ બુદ્ધિ અને હૃદયનો કબજો લે પછી અશાંતિ, શોક કે અંતરાયો ટકી શકતાં નથી, કારણકે તે પ્રકાશ પોતાની સાથે ઝળહળતી શક્તિવાળી એવી આધ્યાત્મિક પ્રકૃતિને લઈ આવે છે કે જેમાં એમનું કાંઈ સ્થાન હોઈ ના શકે. ત્યાં તો માત્ર દિવ્ય અદ્વૈતની આનંદમય પ્રકૃતિનાં જ આંદોલનો અને ઊર્મિઓ હોય છે.

સમગ્ર જાતમાં સ્થપાએલી આ શાંતિ હમેશાં અચલ રહેવી જોઈએ, — પછી ભલેને ગમે તે બને; શું આરોગ્ય કે શું અનારોગ્ય, શું સુખ કે દુઃખ — અરે તીવ્ર શારીરિક દુઃખ, શું સદ્ભાગ્ય કે દુર્ભાગ્ય — આપણું કે આપણા પ્રિયજનનું, શું સફળતા કે નિષ્ફળતા, શું માન કે અપમાન, સ્તુતિ કે નિંદા, ન્યાય કે અન્યાય, કે પછી મન પર સામાન્ય રીતે અસર કરી જતી બીજી કોઈ પણ બાબત, બને તે છતાં શાંતિ એવી ને એવી જ રહેવી જોઈએ. જો આપણે સર્વત્ર એકરૂપતા જ જોઈ શકીએ, જો આપણે એમ સ્વીકારી શકીએ કે સર્વ કાંઈ ઇશ્વરેચ્છાથી જ બને છે, જો આપણે બધામાં — આપણા દુશ્મનોમાં, અથવા કહોને કે આ જીવનરમતના આપણા પ્રતિસ્પર્ધીઓમાં તેમ જ આપણા મિત્રોમાં, આપણો વિરોધ અને અવરોધ કરતી શક્તિઓમાં તેમ જ આપણને સહાય અને સહયોગ કરતી શક્તિઓમાં, બધાં જ બળો અને પરિબળો અને બનાવોમાં ભગવાનને જોઈ શકીએ, વળી, વધારામાં એ પણ અનુભવી શકીએ કે કાંઈ જ આપણી જાતથી અલગ નથી, સમગ્ર વિશ્વ આપણી સાથે એકરૂપ છે, આપણી જ વિશાળ જાતમાં સમાએલું છે, તો આવું વલણ હૃદય અને મનમાં સહેલાઈથી સ્થાપી શકાય છે. પણ આવી વિશ્વવ્યાપી વિશાળ દૃષ્ટિ આપણને મળે અને આપણે તેમાં મક્કમ રીતે સ્થિર થઈએ તે પહેલાં પણ આપણે આવી સ્વીકાર-શીલ અને સક્રિય સમતા અને શાંતિ માટે આપણાં સમગ્ર સામર્થ્યથી આગ્રહ રાખવાનો છે. આનો એક નાનો-શો હિસ્સો પણ મળી જાય, अल्पम अपि अस्य धर्मस्य મળી જાય તો તે પણ પરિપૂર્ણતા પ્રત્યે એક મહાન પગલું બની રહેશે. તેની પ્રાથમિક દઢતા એ મુક્ત પરિપૂર્ણતાની શરૂઆત છે, અને સંપૂર્ણ દઢતા એ પરિપૂર્ણતાનાં અન્ય સર્વે અંગોને આપણે અતિ વેગથી પ્રાપ્ત કરી શકીશું એની સંપૂર્ણ ખાતરી છે. કેમકે તેના વિના નક્કર પાયો શક્ય નથી, અને જો તેની ચોખ્ખેચોખ્ખી ખામી હશે તો તો આપણે કામના, અહંતા, દ્વંદ્વ અને અજ્ઞાનભરી નીચલી અવસ્થામાં સતત પટકાતા જ રહેવાના.

(યોગમાર્ગોનો સમન્વય - ગ્રંથ-૨ પૃ. ૨૧૩થી ૨૧૫)

The Divine Worker

I face earth's happenings with an equal soul;
In all are heard Thy steps: Thy unseen feet
Tread Destiny's pathways in my front. Life's whole
Tremendous theorem is Thou complete.

No danger can perturb my spirit's calm:
My acts are Thine; I do Thy works and pass;
Failure is cradled on Thy deathless arm,
Victory is Thy passage mirrored in Fortune's glass.

In this rude combat with the fate of man
Thy smile within my heart makes all my strength;
Thy Force in me labours at its grandiose plan,
Indifferent to the Time-snake's crawling length.

No power can slay my soul; it lives in Thee.
Thy presence is my immortality.

CWSA 2 : 612 **Sri Aurobindo**

દિવ્ય કર્તા

નિહાળું જગતની સમસ્ત ઘટના સમાનાત્મથી,
હરેક મહીં તાહરાં ડગ સુણાય, તારા પદો
અદૃશ્ય પળતા પથે વિધિતણા સમક્ષે મમ,
પ્રમેય જગતનો પ્રચંડ બસ તું જ સંપૂર્ણ છો.

ન કોઈ ભય આત્મકેરી મુજ શાંતિ હાવાં હરે,
તતૈવ મુજ કર્મ, કાર્ય તવ સાધી હું તો પળું,
પરાજય ઝુલી રહે અમર બાહુમાં તાહરે,
બને વિજય તાહરો પથ વિધિતણા દર્પણે.

અહીં મનુજના નસીબ સહ જંગ આ વન્યમાં,
લસંત મુજ અંતરે સ્મિત તિહારું મારું બલ,
વસેલ મુજ માંહિ શક્તિ ભવ ભવ્ય આયોજને
મચી સખત, કાલ-સર્પતણી ભૂલી મંદા ગતિ.

શકે હણી ન કોઈ શક્તિ મુજ આત્મને, એ તુંમાં
વસંત, તવ સંનિધિ અમરતા બની માહરી.

અનુ : સુન્દરમ્ શ્રી અરવિન્દ

Sri Aurobindo

સમતાનું કાર્ય - છેવટનું પરિણામ

મૂલ્યોનું રૂપાંતર

સમતાભરી અવસ્થામાંથી થતાં પરિપૂર્ણ કર્મો વસ્તુ માત્રનાં મૂલ્યોનું દિવ્ય આનંદમય શક્તિનાં ધોરણ પર રૂપાંતર કરી નાખે છે. કર્મોનું બાહ્ય સ્વરૂપ પહેલાંના જેવું જ રહે, અથવા બદલાઈ જાય પણ ખરું; તેનો આધાર પરમાત્માના આદેશ પર અને કરવાના કાર્ય માટેની જરૂરિયાત પર રહે છે. પણ કર્મનું આંતરિક સ્વરૂપ તો જુદી જ જાતનું થઈ જાય છે. જ્ઞાન, કર્મ, આનંદ, સર્જન, રચના વગેરે માટેનાં વિવિધ સામર્થ્યવાળી મહાશક્તિ આ વિશ્વનાં વિવિધ લક્ષ્યોને ખાતર કામે લાગશે, પણ તદ્દન જુદી જ ભાવનાથી; તે લક્ષ્યોને, તેનાં પરિણામોને, તેની કાર્ય-રીતિઓને ભગવાન પોતાના ઊર્ધ્વ પ્રકાશ વડે નક્કી કરશે; તેમાંનું કાંઈ જ અહમ્‌ના અલગ અને આગવા હક્ક-દાવા અનુસાર નહિ હોય. મન, હૃદય, પ્રાણ અને દેહ સુદ્ધાંને, આપણા સ્વામીની લહાણીમાંથી જે કાંઈ મળશે તેનાથી સંતોષ થશે અને તેમાં જ તેમને ખૂબ સૂક્ષ્મ અને છતાં સંપૂર્ણ એવું આધ્યાત્મિકતાવાળુ સુખ અને આનંદ મળશે; તેમ છતાં દિવ્ય જ્ઞાન અને સંકલ્પ તો હજી પણ દૂરનાં લક્ષ્ય સાધવા કાર્યને આગળને આગળ વધારતાં જ જશે. હવે સફળતા અને નિષ્ફળતાના હાલના અર્થ અર્થ-હીન થઈ જશે. ત્યાં નિષ્ફળતા તો હોઈ જ ના શકે; કારણકે હવે જે કાંઈ બને છે તે વિશ્વના સ્વામીની ઇચ્છાનુસાર જ બને છે, — તે આખરી નહિ હોય તોપણ આગળ વધતું એક પગલું તો હશે જ; તે એક વિરોધ, પરાજય, કે ઇન્કાર લાગે. અરે, આપણી કરણમય જાત સમક્ષ મુકાએલ હેતુનો, એ સમયે તો, પૂરેપૂરો ઇન્કાર લાગે, તોપણ તે માત્ર એક આભાસ જ હશે અને પછીથી જણાશે કે તે કર્મ-પ્રવાહની કાર્ય-ક્ષમ વ્યવસ્થામાં તેનું સ્થાન યોગ્ય જ હતું; અને અતિમનસની વધારે વ્યાપક દૃષ્ટિમાં તો એ જ વખતે, કે તેની પણ પહેલાં, તેની જરૂરિયાત દેખાતી હશે, અને જે આખરી પરિણામનું તે વિરોધી, કે કદાચ તેનો સદંતર નાશ કરનારું, લાગતું હશે તેની સાથેનો તેનો સાચો સંબંધ પણ દેખાતો જ હશે. અને આ પ્રકાશ હજી પૂરતો મળ્યો ના હોવાથી જો ધ્યેયની બાબતમાં કે કર્મોની વ્યવસ્થાની બાબતમાં અને પરિણામ પ્રત્યેનાં પગલાંઓની બાબતમાં કદાચ કાંઈક ખોટી સમજ થઈ હશે તોપણ નિષ્ફળતા એ એક સાચા સુધારાનું રૂપ ધારણ કરશે અને કોઈ પણ જાતના નિરુત્સાહ વિના કે સંકલ્પના જરા પણ ક્ષોભ વિના તે સ્વીકારાઈ જશે. છેવટે તો એ બરાબર સમજાઈ જાય છે કે નિષ્ફળતા નામની કોઈ વસ્તુ જ નથી; અને સર્વ પ્રસંગોને પ્રભુના સંકલ્પને પાર પાડવાનાં પગલાં અને વ્યવસ્થા તરીકે જોઈને આત્મા તેમાં સમતાપૂર્વક શાંત કે સક્રિય આનંદ માણશે. એ જ પ્રમાણે, દરેક જાતની મંગળ અને અમંગળ, પ્રિય અને અપ્રિય બાબતોમાં પણ આપણો વિકાસ આ જ રીતે આગળ વધવાનો.

વલણમાં પરિવર્તન

અને સર્વે બનાવોની જેમ સર્વે વ્યક્તિઓની બાબતમાં પણ સમતા. ને પરિણામે આપણી દૃષ્ટિમાં, તેમ જ આપણા વલણમાં પૂરેપૂરો પલટો આવી જાય છે. સમતાપૂર્ણ મન અને આત્માના પહેલા પરિણામરૂપે સર્વે વ્યક્તિઓ, વિચારો, દૃષ્ટિ–બિંદુઓ અને કર્મો પ્રત્યે ઉદારતા અને આંતરિક સહિષ્ણુતા વધતી જાય છે, કારણકે આપણને હવે દેખાય છે કે વ્યક્તિ માત્રમાં ભગવાન છે અને દરેક વ્યક્તિ પોતપોતાના સ્વ–ભાવ અને અત્યારના ઘડતર અનુસાર કર્મો કરે છે. જ્યારે સક્રિય સમતામય આનંદ સ્થાપિત થાય છે ત્યારે આ વલણ વધારે ગાઢ બનતું જઈ સહાનુભૂતિભરી સમજ બની જાય છે, અને છેવટે સમભાવી વિશ્વવ્યાપી પ્રેમ બની રહે છે. આ બાબતો એવી નથી કે જે આધ્યાત્મિક સંકલ્પે નક્કી કરેલી જરૂરિયાત અનુસારના વિવિધ સંબંધો બાંધવામાં કે આંતરિક વલણને વિવિધ આકાર આપવામાં અંતરાયરૂપ થાય; કે કોઈ એક વિચાર, દૃષ્ટિબિંદુ કે કર્મને, એ જ જરૂરિયાત અને હેતુને ખાતર, બીજા વિચાર, દૃષ્ટિબિંદુ કે કર્મના વિરોધમાં, મક્કમપણે રજૂ કરવામાં વચ્ચે આવે; અથવા નિર્માણ થએલા કર્મપ્રવાહમાં વચ્ચે ઘુસાડવામાં આવતાં પરિબળોની સામે મક્કમ રીતે બાહ્ય કે આંતરિક અંતરાય નાખવામાં, વિરોધ કરવામાં કે ખુદ સક્રિય પગલાં ભરવામાં બાધા નાખે. અરે, ખુદ એવી રુદ્ર શક્તિ પણ ધસી આવી શકે છે કે જે, વ્યક્તિ તેમ જ વિશ્વના હિત માટે જરૂરી જણાય ત્યારે, માનવ–સર્જ્યા કે અન્ય અંતરાયો સામે કડક હાથે કામ લે અથવા તેમને છિન્નભિન્ન પણ કરી નાખે. પણ આવાં બધાં સપાટી પરનાં સ્વરૂપોથી અંતરમાં ઊંડે સ્થપાએલ સમભાવી વલણમાં જરા પણ તાત્ત્વિક ફેર પડતો નથી કે તે જરા પણ ઓછું થતું નથી. જ્ઞાનમય, સંકલ્પપૂર્ણ, કર્મશીલ અને પ્રેમમય મહાશક્તિ જ્યારે પોતાનું કાર્ય કરી રહી હોય અને એ કાર્ય માટેનાં જરૂરી, વિવિધ સ્વરૂપો ધારણ કરી રહેલી હોય ત્યારે પણ આત્મા અને અંતરાત્મા તો એવા જ સમભાવી રહે છે. અને છેવટે આપણામાં રહેલું સર્વ કાંઈ ભગવાનમાં અને પ્રકાશપૂર્ણ, આધ્યાત્મિક, અદ્વિતીય, અને વિશ્વમય શક્તિમાં એકતા પામીને સર્વે વ્યક્તિઓ, શક્તિઓ અને પદાર્થો સાથે એકરૂપ બની રહે છે; તેમાં આપણું કર્મ સર્વ કોઈના કર્મનો એક અવિભાજ્ય ભાગ બની રહે છે, તેમાંથી અલગ થઈ શકતું નથી; પણ તેમની સાથેનો દરેક સંબંધ એ, સર્વ કોઈની સાથે પોતાની જટિલ, વિશ્વવ્યાપી એકતા ધરાવતા ભગવાનની સાથેનો સંપૂર્ણ સંબંધ બની રહે છે. આ તો એક એવી સભર સમૃદ્ધિ છે કે જે અલગતાપૂર્ણ મનોમય બુદ્ધિની ભાષામાં ભાગ્યે જ રજૂ કરી શકાય, કારણકે આ બુદ્ધિના બધા જ વિરોધાભાસનો ઉપયોગ કરવા છતાં તેમની પકડમાંથી તે છટકી જાય છે; વળી તેને આપણી મર્યાદિત માનસિક ચેતનાની રીતે પણ રજૂ કરી શકાતી નથી; તે ચેતનાના જૂદા જ પ્રદેશની, આપણા અસ્તિત્વના અન્ય સ્તરની વસ્તુ છે.

(યોગમાર્ગોનો સમન્વય - ગ્રંથ–૨ પૃ. ૨૧૭થી ૨૧૯)

સાચી રીતની સ્વતંત્રતા

સાચી રીતની સ્વતંત્રતા પ્રાપ્ત કરવાનો માર્ગ એક જ છે : તમારું આગવું છે એમ ગણી કોઈ

પણ વસ્તુ બાકી રાખ્યા સિવાય તમારી જાતનું પૂર્ણપણે ભગવાનને સમર્પણ કરો.

એ રીતનું સમર્પણ કરવાનું પરિણામ એ આવશે કે જે કોઈ વસ્તુ તમને બંધનમાં રાખતી હશે, જે કોઈ વસ્તુ તમને જકડી રાખતી હશે, જે કોઈ વસ્તુ તમને બેડીમાં બાંધી રાખતી હશે, તે તમામ, તદ્દન સાહજિક રીતે તમારાથી અળગી પડી જશે અને પછી તેમની કોઈ અગત્ય નહિ રહે. જો કોઈ તમારો દોષ કાઢતું આવશે તો તમે કહી શકશો કે, 'એ શા આધારે મારો દોષ કાઢે છે, એને ભગવાનના પરમ સંકલ્પની ખબર છે?' આ વસ્તુ, તમને અભિનંદવામાં આવતા હોય તેવા પ્રસંગને પણ લાગુ પડે છે. આ સર્વનો અર્થ એમ ન કરશો કે બીજા લોકો જે કાંઈ કહેતા કરતા હોય તેમાંથી તમારે લાભ ન ઊઠાવવો. મારા આખા જીવન દરમિયાન મને શીખવાનું મળ્યું છે કે એક નાનું બાળક પણ તમને બોધપાઠ આપી શકે છે. એ પણ તમારા કરતાં ઓછું અજ્ઞાન હોય છે એમ તો નથી, છતાં એ તમારી મુખાકૃતિનું આબેહૂબ પ્રતિબિંબ પાડનાર દર્પણની ગરજ સારી શકે છે. એ શકય છે કે એ તમને એવું કાંઈ કહે કે જે વાસ્તવિક રીતનું ન હોય, પણ એમ પણ બની શકે કે એ તમને એવી કોઈ વસ્તુ કહે કે જે તમે જાણતા ન હો. અને આમ, જો તમે તમારામાં કોઈ પણ જાતની અનિચ્છનીય પ્રતિક્રિયા ઉત્પન્ન થવા દીધા સિવાય એમાંથી બોધપાઠ ગ્રહણ કરી શકો તેમ હશે તો તમે એમાંથી ઘણો ફાયદો ઉઠાવી શકશો.

મારા જીવનની હરેક ઘડીએ મને શીખવા મળ્યું છે કે સર્વ પ્રસંગોમાંથી આપણે કંઈ ને કંઈ શીખી શકીએ તેમ છીએ. આમ છતાં બીજા લોકોના અભિપ્રાયોથી હું બંધાયેલી છું એમ મને કદી પણ લાગ્યું નથી; કારણ કે આ દુનિયામાં કંઈક જાણી શકે તેવું સત્ય એક જ છે અને તે પરમ સત્ય છે. અને આમ પછી આપણે સંપૂર્ણપણે મુક્ત થઈ જઈએ છીએ. હું તમારી પાસે જે પ્રકારના સ્વાતંત્ર્યની અપેક્ષા રાખું છું તે સ્વાતંત્ર્ય આ પ્રકારનું છે – સર્વ પ્રકારની આસક્તિઓ, અજ્ઞાન અને પ્રતિકાર્યોમાંથી મુક્તિ, ભગવાનને પૂર્ણ સમર્પણ કરવા સિવાયની બીજી બધી વસ્તુઓમાંથી મુક્તિ, દુનિયાદારીની સર્વ જવાબદારીઓમાંથી બહાર નિકળવા માટે એ જ એકમાત્ર માર્ગ છે. સર્વ વસ્તુઓની જવાબદારી ભગવાનની જ છે.

(શ્રી માતૃવાણી ગ્રંથ – ૪ પૃષ્ઠ ૧૦૨–૧૦૩)

*

ગીતા તો એક જગ્યાએ સમતા અને યોગને એકરૂપ ગણાવે છે : समत्त्वं योग उच्यते તેનો અર્થ એ કે સમતા એ બ્રહ્મ સાથેના અદ્વૈતની, બ્રહ્મમય બની ગયાની, અનંતતામાં એક, અચલ, આધ્યાત્મિક સંસ્થિતિ પામી ગયાની નિશાની છે.

શ્રી અરવિન્દ

દેહમાં સમતાની સ્થાપના

તમારી તબિયત સ્વસ્થ હોય, તમારો દેહ સુદૃઢ હોય, સુસ્વસ્થ હોય; જ્યારે તમારું નાડીતંત્ર જરા અમથી વસ્તુથી ભડકી ઊઠે એવી કોઈ નાની છોકરી જેવું ન હોય જ્યારે તમને સારી નિદ્રા આવતી હોય, ખોરાક સારી રીતે લઈ શકાતો હોય... જ્યારે તમે તદ્દન શાંત, સમતુલિત, ખૂબ અવિચલ અવસ્થામાં હો ત્યારે તમારા પાયા સુદૃઢ હોય છે અને તમે શક્તિઓને મોટા પ્રમાણમાં ગ્રહણ કરી શકો છો.

જો તમારામાંથી કોઈએ આધ્યાત્મિક શક્તિઓ ઝીલી હશે, દા.ત. પ્રભુની શકિત, આનંદની શક્તિઓ ઝીલી હશે, તો એક અનુભવ થયો હશે કે જો તેનું સ્વાસ્થ્ય સરસ નથી હોતું તો તે પેલી શક્તિઓને પોતાની અંદર સમાવી શકતો નથી, ટકાવી રાખી શકતો નથી. એ રુદન અને વિલાપ કરવા લાગે છે અને પોતાની અંદર જે વસ્તુ ઝીલાઈ હોય છે તેને ખર્ચી નાખવા માટે ચંચળ થઈ ઊઠે છે. એનાથી હસી પડાય છે, બોલ બોલ કર્યે જવાય છે, આમ તેમ અંગભંગ થઈ જાય છે; અને જો એ એમ ન કરે તો એ પેલી શક્તિઓને ટકાવી રાખી શકતો નથી, એનો દમ ઘૂંટાવા લાગે છે. અને હસીને, રડીને, આમ તેમ ભટકીને એ, પોતે જે શક્તિઓ ઝીલી હોય છે તેને વેડફી મારે છે.

સારી રીતે સમતુલિત રહેવા માટે પોતે જે વસ્તુ ગ્રહણ કરી હોય તેને આત્મસાત્ કરવા માટે, તમારે ખૂબ શાંત, ખૂબ સ્થિર બની રહેવું જોઈએ; તમારો આધાર સુદ્રઢ જોઈએ, તમારું સ્વાસ્થ્ય સરસ હોવું જોઈએ; તમારો પાયો ખૂબ સઘન હોવો જોઈએ. આ વસ્તુ ખૂબ અગત્યની છે.

બાળક : આપ જેને 'બહિર્મુખ સત્-તામાં સમતાનો આધાર' કહો છો, (માતાજી વાણી-વાર્તાલાપ-૨) તે શું વસ્તુ છે ? આત્માની સમદૃષ્ટિ અને બાહ્ય સમતા વચ્ચે શો તફાવત હશે?

શ્રી માતાજી : આત્માની સમદૃષ્ટિ એ એક અંતઃકરણને લગતી વસ્તુ હોય છે. એ એક એવી શક્તિ છે જેને લઈને તમારે માટે સારું કે ખોટું જે કાંઈ બને તે સહન કરવાની શક્તિ તમારામાં રહેલી હોય છે, અને એને લઈને તમે કદી પણ ઊદ્વિગ્ન, નિરાશ, દુઃસાહસી કે આકુળવ્યાકુળ થયેલા હોતા નથી. વસ્તુ ગમે તે રીતની બને તો પણ, તમે ધીર-ગંભીર, પ્રશાંત બની રહો છો.

બીજી વસ્તુ, એ શરીરની સમતુલા છે. એમાં અંતઃકરણને લગતી કોઈ વસ્તુ નથી હોતી, એ એક ભૌતિક વસ્તુ હોય છે; એમાં તમે શારીરિક રીતે સમતુલિત અવસ્થામાં રહો છો અને કશાથી તમને સંતાપ થતો નથી.

જો તમારે સાધનાના માર્ગે આગળ વધવું હોય તો આ બંને વસ્તુઓની એક સરખા પ્રમાણમાં જરૂર પડે છે. (શ્રી માતૃવાણી ગ્રંથ - ૫ પૃષ્ઠ ૧૧૦-૧૧૧)

*

શ્રી માતાજી

વ્યવહારૂ માર્ગદર્શન

જેટલા પ્રમાણમાં તમે વધારે સ્થિર તેટલા તમે વધારે બળવાન થશો. સર્વ પ્રકારની આધ્યાત્મિક શક્તિનો દૃઢ પાયો સમતા છે. તમારે કશાથી પણ તમારી સમતાની ધારણાનો ભંગ થવા દેવો ન જોઈએ. કારણ કે એ પ્રમાણે સમતા જાળવી શકો તો હરેક પ્રકારના હુમલાનો તમે પ્રતિકાર કરી શકશો. વળી તમારામાં જો વિવેકશક્તિ પૂરતી ખીલી હશે અને વિરોધી સૂચના તમારામાં પ્રવેશ કરે તેની સાથે જ તમે તેને જોઈને પકડી શકતા થશો તો તેમને દૂર ધકેલી દેવાનું કાર્ય ઘણું સરળ થઈ પડશે. પરંતુ કેટલીક વાર એ સૂચનાઓ અજાણતાં જ, આપણી અચેતન અવસ્થામાં જ આપણામાં પ્રવેશ કરી જાય છે અને એવે વખતે તેમનો સામનો કરવો ભારે થઈ પડે છે. જ્યારે એ પ્રમાણે થાય ત્યારે તમારે શાંત થઈને બેસવું અને ઊર્ધ્વ ભૂમિકામાંથી શાંતિનું અને ગંભીર, સ્થિર, આંતર અક્ષુબ્ધતાનું આવાહન કરવું. તમારી જાતને દૃઢ રાખો, અને સહાયતા માટે વિશ્વાસ તથા શ્રદ્ધાપૂર્વક પ્રભુને સાદ કરો. જો તમારી અભીપ્સા શુદ્ધ અને સ્થિર હશે તો તમને જરૂર સહાય મળશે.

વિરોધી શક્તિઓના હુમલા અનિવાર્ય છે. તમારે તેમને માર્ગમાં આવતી કસોટી તરીકે લેખીને હિંમતભેર તેમાંથી પસાર થવાનું છે. સંગ્રામ વિકટ પણ હોય, પરીક્ષા ઘણી કપરી પણ નીવડે, પરંતુ જ્યારે તમે તેને વટાવીને બહાર આવશો ત્યારે તમે કાંઈક મેળવ્યું હશે, તમે એક પગલું આગળ વધ્યા હશો. વિરોધી શક્તિઓની પણ સાધનામાં જરૂર છે. તેમને લીધે તમારો સંકલ્પ વધારે દૃઢ અને તમારી અભીપ્સા વધારે વિશુદ્ધ બને છે. પરંતુ એ પણ ખરું છે કે તમે તેમને કંઈક કારણ આપ્યું હોય છે માટે જ તેઓ ઉત્પન્ન થયેલી હોય છે. જ્યાં સુધી વિરોધી શક્તિઓને પ્રત્યુત્તર આપનાર એવો એક પણ ભાગ તમારી પોતાની પ્રકૃતિમાં રહેલો હશે ત્યાં સુધી એ શક્તિઓની દખલગીરી રહે એ તદ્દન સ્વાભાવિક છે.

ગમે તેમ હોય, પરંતુ જ્યારે જ્યારે વિરોધી શક્તિઓના હુમલા આવે ત્યારે ત્યારે તે તમારી બહારથી આવે છે એવું વલણ ધારણ કરવું એ જ સૌથી વધારે ડહાપણભર્યું છે. એવે સમયે સાધકે પોતાની જાતને કહેવું, 'આ વિરોધી શક્તિ તે હું નથી, મારે ને એને કશો પણ સંબંધ નથી.' તમારી અંદર રહેલા નિમ્ન સ્તરોના આવેશો એને કામનાઓ વગેરે પ્રત્યે તથા બુદ્ધિમાં ઉત્પન્ન થતી શંકાઓ તથા પ્રશ્નો પ્રત્યે પણ આ પ્રકારનું વલણ ધારણ કરવું જોઈએ. જો તેમની સાથે તમે તદ્રૂપ થઈ જશો તો તેમની સામે લઢવાની મુશ્કેલી ઘણી જ વધી જશે. કારણ કે તમે તમારી પોતાની જ પ્રકૃતિના એક ભાગ ઉપર વિજય મેળવવાનું મહા કપરું કાર્ય કરી રહ્યા છો એવી સતત લાગણી તમને થયા કરશે. પરંતુ એક વાર તમે કહી શકો કે, 'ના, આ વૃત્તિ તે હું નથી, મારે ને તેને કાંઈ પણ સંબંધ નથી', તો પછી તેને વિખેરી નાખવાનું કાર્ય ઘણું સહેલું થઈ પડે છે.

(શ્રી માતૃવાણી ગ્રંથ – ૩ પૃષ્ઠ ૩૭થી ૩૯)

વૃત્ત વિશેષ

નવું પ્રકાશન

સાવિત્રીશબ્દામૃત – ૧૦ (પર્વ ૧૧ અને ૧૨). મૂ. લેખક : **શ્રદ્ધાવાન.** ભાવાનુવાદ : **કિરીટ ઠક્કર.** પ્રકાશક : યોગયુક્તા પ્રકાશન, ઈ : ૧૦૨ ચંદ્રનગર કૉલોની, સુવર્ણલક્ષ્મી ઍપાર્ટમેન્ટ પાસે, વાઘોડિયા રોડ, વડોદરા-૩૯૦ ૦૧૯ ફોન : 2510038 (0265) Mob. : 9427540195 E-mail : kirityukta@yahoo.co.in

પ્રસ્તુત પુસ્તકમાં સાવિત્રીમહાકાવ્યના પર્વ ૧૧, સદાસ્થાયી દિવસનું પર્વ, તથા પર્વ ૧૨, પૃથ્વીલોકમાં પુનરાગમન (ઉપસંહાર)ના શ્રી શ્રદ્ધાવાનજીના મહાભાષ્યનો ગુજરાતી ભાવાનુવાદ સમાવવામાં આવ્યો છે. 'સાવિત્રી'ની મૂળ પંક્તિઓ, શ્રી પૂજાલાલજીએ એનો વ્યસ્ત અનુષ્ટુપ છંદમાં કરેલો ગુજરાતી પદ્ય અનુવાદ, 'સાવિત્રી'ની પંક્તિઓનો સ્વતંત્ર ગુજરાતી ગદ્યાનુવાદ અને શ્રી શ્રદ્ધાવાનના અંગ્રેજી વિવરણનો ગુજરાતી ભાવાનુવાદ, આ ક્રમમાં લખાણો હંમેશ માફક પ્રસિદ્ધ કરવામાં આવ્યાં છે. પૃષ્ઠ સંખ્યા ૪૯૦+૨૨=૫૧૨ ૧/૮ ડેમી સાઈઝ. ઉત્કૃષ્ટ ગુણવત્તાવાળા મેપલીથો કાગળ ઉપર સુંદર છાપકામ, સુઘડ બાંધણી અને ચાર રંગી આવરણ ચિત્ર. આવરણ ચિત્ર તે શ્રી પ્રીતિઘોષે પર્વ ૧૧ ના સર્ગ ૧ની ૮થી ૧૧ પંક્તિઓમાં સાવિત્રીનો દેહ શાશ્વતીના સ્પર્શની જે અનુભૂતિ કરે છે તેના શ્રી અરવિન્દની કલમે કરેલા સુંદર વર્ણન મુજબ જે ચિત્ર તૈયાર કર્યું છે તે છે. પુસ્તકનું મૂલ્ય રૂા. ૨૫૦=૦૦. પ્રાપ્તિસ્થાન : પ્રકાશક.

સર્વને સુવિદિત છે તેમ પર્વ ૧૧ એ સાવિત્રીનું અતિ મહત્ત્વનું શિખરરૂપ પર્વ છે. પર્વના એક માત્ર, પરંતુ લાંબામાં લાંબા સર્ગમાં સદાના દિવસનું દિવ્ય વર્ણન તેમ જ ચૈત્યાત્માને પસંદગી કરવાની છૂટ આપવામાં આવી છે તે તથા ચૈત્યાત્માની અભૂતપૂર્વ પસંદગીનું વર્ણન અભૂતપૂર્વ કાવ્યપંક્તિઓમાં કરવામાં આવ્યું છે. અને પર્વ ૧૨, પૃથ્વીલોકમાં પુનરાગમન નામક સર્ગમાં મહાકાવ્યનું અનન્ય નિર્વહણ સિદ્ધ થયેલું જોવા મળે છે. 'સાવિત્રી' મહાકાવ્યના બે અતિ મહત્ત્વના પર્વો (પર્વ ૧૧ને ૧૨)નું મહાભાષ્ય શ્રી શ્રદ્ધાવાને અત્યંત કાળજીપૂર્વક, કાવ્યના લયને સમાન લયમાં જ કર્યું છે. 'સાવિત્રી'ના સર્વે વિદ્યાર્થીઓ અને અભીપ્સુઓ આ મહાભાષ્યનું વાચન કરી ધન્યતાની અનુભૂતિ કરશે એવી અમારી શ્રદ્ધા છે.

કુરિયર સેવાઓ નિયમિત થયે પુસ્તકની રવાનગીનું કાર્ય શરૂ કરવામાં આવશે.

*

સભ્યો / ગ્રાહકોને સૂચનો

૧. 'પ્રભુ અર્પણ' - સામાન્યતઃ દર મહિનાની પાંચમી તારીખે પ્રસિદ્ધ થાય છે.
૨. અંક ચોકસાઈથી ટપાલ દ્વારા રવાના કરાય છે. છતાં ટપાલમાં ગેરવલ્લે જાય અને અંક તા. ૨૦ સુધીમાં ન મળે તો પોતાના વિભાગની પોસ્ટ ઓફિસને ફરિયાદ કરી તેની નકલ અત્રે મોકલવી. બને ત્યાં સુધી બીજી નકલ મોકલવામાં આવશે.
૩. સરનામું બદલાયાની સૂચના ૧૫ તારીખ પહેલાં પોતાના સભ્ય/ગ્રાહક નંબર સાથે આપવી.
૪. સંસ્થા સાથે મેગેઝીનને લગતા પત્રવ્યવહારમાં આપનો સભ્ય/ગ્રાહક નંબર આપવો જરૂરી છે.
૫. શ્રી અરવિન્દ સોસાયટીની વાર્ષિક સભ્ય ફી (અ.ભા.૫ માસિક સાથે)

૧ વર્ષ	રૂા. ૧૮૦/-	૧૦ વર્ષ	રૂા. ૪૦૦૦/-(ડોનર મેમ્બર)
૩ વર્ષ	રૂા. ૫૨૦/-	૨૦ વર્ષ	રૂા. ૨૫,૦૦૦/- (કોર્પોરેટ મેમ્બર)
૫ વર્ષ	રૂા. ૮૬૦/-		

૬. ભારતમાં 'પ્રભુ અર્પણ'નું ફક્ત ગ્રાહક (સભ્યપદ વગર) તરીકેનું વાર્ષિક લવાજમ રૂા. ૧૮૦/- છે.
૭. ગમે તે માસથી સભ્ય/ગ્રાહક થઈ શકાય છે. એક વર્ષથી ઓછી મુદત માટે સભ્ય/ગ્રાહક નોંધવામાં આવતા નથી.
૮. નવા સભ્ય/ગ્રાહકે લવાજમ મોકલતી વખતે ''નવા સભ્ય/ગ્રાહક છે,'' એમ લખવું.
૯. નવા અથવા જૂના સભ્યો/ગ્રાહકો પોતાનું લવાજમ પોતાના સભ્ય/ગ્રાહક નંબર સાથે રૂબરૂમાં અથવા મની ઓર્ડરથી અથવા બેન્ક ડ્રાફટથી ''શ્રી અરવિન્દ સોસાયટી'' ના નામથી ભરી શકે છે. જો ચેકથી લવાજમ ભરવાનું હોય તો વાર્ષિક લવાજમ ઉપરાંત વધારાની રકમ રૂા. ૨૫/- ઉમેરી ચેક લખવો.
૧૦. લવાજમ વસુલ કરવા માટે અંક વી.પી. થી મોકલાતો નથી.
૧૧. વ્યવસ્થા અંગેનો સર્વ પત્ર વ્યવહાર :
વ્યવસ્થાપક, 'પ્રભુ અર્પણ'-રવાનગી વિભાગ, શ્રી અરવિન્દ સોસાયટી, વડોદરા શાખાના નામથી કરવો.
૧૨. જે સભ્યોનું લવાજમ પૂરું થઈ ગયું હોય તેઓએ પોતાનું લવાજમ તુર્ત મોકલી આપવું. જે કવરમાં આપને 'પ્રભુ અર્પણ' મળે છે તેની ઉપર, આપના સભ્યપદ નંબર પછી ૧, ૪, ૭, વિ. અંક દર્શાવેલા હોય છે, તે કયા માસમાં આપનું લવાજમ પૂરું થાય છે તે દર્શાવે છે. લવાજમ પૂરું થયાની સૂચના વ્યક્તિગત રીતે આપવામાં આવતી નથી.

બધી ગાંઠો છોડી નાખો....

તો આમાં આપણે સારામાં સારું તો એ જ કરી શકીએ કે આપણે કોઈ પણ પક્ષ ન લઈએ, પહેલેથી ગોઠવેલા વિચારો કે સિદ્ધાંતો ન રાખીએ – અને ઓ ! એ નીતિના નિયમો, આચારના ગોઠવેલા નિયમો, માણસે શું કરવું જોઈએ અને શું ન કરવું જોઈએ, અને નૈતિક દૃષ્ટિબિંદુમાંથી, પ્રગતિના દૃષ્ટિબિંદુમાંથી તેમ જ બધી સામાજિક અને માનસિક રૂઢિઓ... એ બધાંના કરતાં વધુ ખરાબ વિઘ્ન બીજું કોઈ જ નથી. એવા માણસો છે, હું એવા માણસોને ઓળખું છું કે જેમણે આવી કોઈ એક જ માનસિક રચનામાંથી બહાર નીકળવામાં કેટલાય દસકા ગુમાવ્યા છે!... આપણે જો આવા થઈ શકીએ, ખુલ્લા – સરળ ભાવે સાચેસાચ ખુલ્લા, એવી સરળતા કે જે પોતે અજ્ઞાન છે એમ જાણતી હોય છે – આની માફક (આત્મસમર્પણને ઉપરની દિશા તરફ બતાવવાની ક્રિયા), જે કાંઈ આવે તેને સ્વીકારવા માટે તૈયાર. તો પછી કાંઈક બની શકે છે. અને સ્વાભાવિક રીતે જ, આપણામાં જો પ્રગતિ માટેની તરસ હોય, જ્ઞાન માટેની તરસ હોય, રૂપાંતર માટેની તરસ હોય અને, સૌથી વિશેષ તો, પ્રેમ અને સત્ય માટેની તરસ હોય તો, આ બધું જો ટકાવી શકાય તો, આપણી ગતિ વધારે ઝડપથી થાય છે, સાચેસાચ એક તરસ, એક ભૂખ, એક ભૂખ.

એ સિવાયની બીજી તમામ વસ્તુઓને કશું મહત્ત્વ નથી, આપણે એ જ વસ્તુની જરૂર છે.

આપણે અમુક વસ્તુ જાણીએ છીએ એમ માનતા હોઈએ તેને વળગી રહેવું. આપણે અનુભવતા હોઈએ તેને વળગી રહેવું, આપણે ચાહતા હોઈએ તેને વળગી રહેવું, પોતાની ટેવોને વળગી રહેવું, આપણી કહેવાતી જરૂરિયાતોને વળગી રહેવું, આ જેવા છે તેવા જગતને વળગી રહેવું, આ બધું તમને બાંધી રાખે છે. એ બધું તમારે એક પછી એક છોડી નાખવાનું છે. બધી ગાંઠો છોડી નાખો... અને આ વસ્તુ હજારો વાર કહેવાઈ છે અને લોકો એની એ જ વસ્તુ કરવાનું ચાલુ રાખે છે... જે લોકો ખૂબ જ છટાદાર વક્તા હોય છે અને આ વસ્તુનો બીજાઓને ઉપદેશ કરતા હોય છે તેઓ પણ ખરેખર વળગી રહેતા હોય છે, એ લોકો પોતાની જોવાની રીતને વળગી રહેતા હોય છે, પોતાની લાગણી અનુભવવાની રીતને, પ્રગતિ કરવાની પોતાની ટેવને વળગી રહેતા હોય છે.

શ્રી માતાજી

RNI NO GUJGUJ/2015/60353

(વર્ષ ૦૬ : અંક ૦૬)

વાર્ષિક લવાજમ ₹ ૧૮૦ - છૂટક અંક : ₹ ૧૫

શ્રી અરવિન્દ સોસાયટી, પોંડિચેરીની માસિક પત્રિકા
છૂટક અંકની કિંમત ₹ ૧૫-૦૦
વાર્ષિક લવાજમ ભારતમાં ₹ ૧૮૦
વિદેશ માટે-હવાઈ માર્ગે
અમેરિકન ડોલર ૨૫ વાર્ષિક

© શ્રી અરવિન્દ આશ્રમ ટ્રસ્ટ, પોંડિચેરી-૬૦૫ ૦૦૨

પ્રકાશક :

શ્રી શરદચંદ્ર એમ. જોશી, અધ્યક્ષ,
શ્રી અરવિન્દ સોસાયટી, શ્રી અરવિન્દ નિવાસ,
દાંડિયા બજાર, વડોદરા-૩૯૦ ૦૦૧
ફોન નં. (૦૨૬૫) ૨૪૧૨૬૮૫
E-mail : sasvadodara@aurosociety.org
વેબસાઈટ : www.auronivas.org

*

મુદ્રણસ્થાન : કૈલાસ પ્રિન્ટરી, ડી-૧૨, સરદાર એસ્ટેટ,
આજવા રોડ, વડોદરા. ફોન નં. ૨૫૧૩૪૭૩ મો.૯૮૭૯૦૦૬૦૯૦
E-mail : vishal6090@gmail.com

*

તંત્રી : શ્રી કિરીટકુમાર ઇન્દ્રવદન ઠક્કર

Published and Printed by Shri Sharadchandra M. Joshi,
on behalf of Sri Aurobindo Society, Vadodara
Published at Sri Aurobindo Nivas, Dandia Bazar, Vadodara-390001.
Printed at Kailas Printery D/12, Sardar Estate, Ajwa Road, Vadodara.
Editor : Shri Kiritkumar Indravadan Thakkar.